ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Month

મુખપત્ર



વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/- છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯ અંક : ૬/૭ સળંગ અંક : ૧૯૭/૧૯૮ જુન/જુલાઈ - ૨૦૨૪

: અધ્યક્ષ :

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

## સુજ્ઞ આચાર્યગણ,

**આપની શૈક્ષણિક વિદ્વતા-વિશારદતાને દર્શાવો**

**અને પોતાની TV ચેનલ બનાવો !**

**આપની અને આપની સંસ્થાની ઓળખ બનાવો અને રાજ્યભરના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરો.**

Virtual વિદ્યાપીઠ

# World's 1st Educational OTT Platform

- શિક્ષકોને મળશે અત્યાધુનિક સ્ટુડિયોનો વપરાશ.
- એડિટિંગ ટીમની સુવિધા.
- હાઇક્વૉલિટી એનિમેશન લાઇબ્રેરી.



ફુલ્લી એનિમેટેડ 3 લેયર આધુનિક ટેક્નોલોજી સાથેનો આપનો વીડિયો બનાવો વિનામૂલ્યે અને બનો એવરગ્રીન ટીચર.

શિક્ષકોનું પોતાનું પ્લેટફોર્મ ▷ શિક્ષકોની અને સંસ્થાની પોતાની ટી.વી. ચેનલ ▷ વિદ્યાર્થીઓનું ટી.વી.ના પડદે લર્નિંગ પ્લેટફોર્મ

VIEW SAMPLE VIDEOS

8th FLOOR, D BLOCK, GANESH MERIDIAN, SG ROAD, AHMEDABAD, GUJARAT 380061

+91 9055141414 info@virtualvidyapith.com www.virtualvidyapith.com

**AVAILABLE ON ALL TV PLATFORMS :**

LG Smart TV | Samsung SMART TV | androidtv | firetvstick | GET IT ON Google Play | Download on the App Store

## IDeAL Initiatives (Eng. & Guj. Medium)

| પ્રિસ્કૂલ Solution | પ્રિસ્કૂલ નોટબુક | ધો. 1 થી 10 | ધો. 9 થી 12 | Classroom Software | E-Learning App | LMS & ERP | School TV Channel |
|---|---|---|---|---|---|---|---|
| Popkorn | Ideal Buddy | Mentor / Ideal Series | Revise Maths / Physics / Chemistry Example's Notebook | I CLASS | ideal student | flinnt | Kidsera |

**SPECIMEN COPY બુક કરાવો.**

QR Code Scan કરી અથવા 9055010101 પર call કરી આપની શાળાનું નામ અને એડ્રેસ મોકલાવવા વિનંતી. અમારી ટીમ તમને Specimen પહોંચાડશે.

IDeAL Get Involved

# શ્રી સારસ્વત

"न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते "

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૬/૭ સળંગ અંક : ૧૯૭/૧૯૮ જૂન/જુલાઈ : ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૧૯ અંક-૬/૭ સળંગ અંક : ૧૯૭/૧૯૮ જૂન/જુલાઈ : ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**


## અનુક્રમણિકા


1. અધ્યક્ષશ્રીનો પત્ર ........ 05
2. પ્રમુખશ્રીનો પત્ર ........ 07
3. સારસ્વત સંપાદકનો પત્ર ........ 09
4. જિંદગી ન્હોતી ખબર... ........ ડૉ. એ.પી. શાહ સાહેબ, ........ 11
   ગુજરાત ગણિતનું ગરિમાવંત ગૌરવ
5. આચાર્ય સજ્જતા ........ 15
6. શાબાશી સહુ વચ્ચે ........ 17
7. નવી શિક્ષણનીતિ અને તેની સામેના પડકારો ........ 20
8. પઢાઈ કા વિજ્ઞાન-2 ........ 23
9. રજાની જોગવાઈઓ ........ 27



- જે હાસ્ય વિના જીવી શખે છે તે શ્રીમંત નથી ને જે હંમેશાં હસી શકે છે તે ગરીબ નથી. – ડેલ કાનેગી
- સાપ કાંસળી ઉતારે છે, પણ વિષ નથી છોડતો તેવી જ રીતે માણસો મુનિવેશ ધારણ કરે છે, પણ ભોગ ભાવના નથી છોડતા. – મુનિ રામસિંહ
- મારો પ્રથમ સિદ્ધાંત એ છે કે માણસે સંજોગો કે કોઈના હાથે હાર ખાઈને બેસી રહેવું નહિ. – મેડમ ક્યુરી
- જેને મોહ નથી તેનું દુઃખ ગયું. જેનામાંથી મોહ ગયો તેની તૃષ્ણા મટી ગઈ, જે નિષ્કંચન છે તેનો લોભ ગયો. – ભગવાન મહાવીર


**નોંધ : શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ સંમત છે, તેમ માનવું નહિ.**

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.......**

મિત્રો, નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે અને આપ સૌ નવા પ્રવેશની પ્રક્રિયામાં સંપૂર્ણ વ્યસ્ત હશો. જુન/જુલાઈ માસ એટલે આચાર્ય સહિત શાળાના સંપૂર્ણ સ્ટાફ માટે વ્યસ્તતા. જેમ કે નવા પ્રવેશ, જી.આરની કામગીરી, આધાર ડાયસ, નમો લક્ષ્મી, નમો સરસ્વતી યોજનાની કામગીરી, શિષ્યવૃત્તિની કામગીરી, પુસ્તક વિતરણ વગરેમાં સતત વ્યસ્તતામાંથી હવે થોડા બહાર આવ્યા હશો. મિત્રો, આ વર્ષે સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવીકે સ્માર્ટક્લાસ, કમ્પ્યુટર લેબ અને નમો લક્ષ્મી, નમો સરસ્વતી ને કારણે ગ્રાન્ટેડ શાળાના નામાંકનમાં ખુબજ નોધપાત્ર વધારો થયેલ છે જેના કારણે પુસ્તકો તેમજ નવા વર્ગો શરૂ કરવા પડે તેવી સ્થિતિ આવી છે જેનાથી આપસૌ વાકેફ હશો જ. તાજેતરમાં અમદાવાદ મુકામે રાજ્ય આચાર્ય સંઘની સંસદ-કારોબારી સભા આચાર્ય સંઘના પૂર્વ સંપાદકશ્રી વિષ્ણુભાઈ પટેલના યજમાન પદે મળી જેમાં રાજયમાંથી ખુબ મોટી સંખ્યામાં સંસદ-કારોબારી સભ્યોએ હાજરી આપી આજ સંગઠનની તાકાત છે. રાજ્ય આચાર્ય સંઘની બેઠક પૂર્વે વિષ્ણુભાઈ પટેલનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો જેમાં વિષ્ણુભાઈ પટેલને શાળા મંડળે રૂપિયા અગિયાર લાખનો ચેક અર્પણ કરી સન્માનિત કર્યા, સારસ્વત મિત્રો આ બાબતનો એટલે ઉલ્લેખ કર્યો કે આ માત્ર વિષ્ણુભાઈ પટેલનું સન્માન નથી પરંતુ સમગ્ર ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યોનું સન્માન એટલે આચાર્યકુળનું સન્માન કહીએ તો ખોટું નથી.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ શાળાઓના તમામ પ્રકારના પ્રશ્નોની રજૂઆત સરકારશ્રી તેમજ શિક્ષણ વિભાગમાં અસરકારક રીતે કરે છે તે આપસૌ જાણો છો તેના પરિણામે આપણે ગ્રાન્ટેડ શાળાઓમાં ઘણુંબધું મેળવી શક્યા છીએ. સરકારશ્રી નજીકના ભવિષ્યમાં કાયમી શિક્ષકોની ભરતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કરવાની જાહેરાત કરેલ છે રાજ્ય આચાર્ય સંઘની અસરકારક રજુઆતને પરિણામે ભરતીના કેલેન્ડરમાં સૌપ્રથમ આચાર્યની ભરતી ત્યારબાદ જુના શિક્ષકોની ભરતી અને પછી ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષકોની ભરતીનું સમયપત્રક જાહેર કરેલ છે. કાયમી શિક્ષકોની

ભરતી ન થાય ત્યાં સુધી જ્ઞાનસહાયકોને રીન્યુઅલ કરવા તેમજ ખાલી જગ્યાઓ ઉપર નવા જ્ઞાનસહાયકોનીં ભરતી કરવાની પ્રક્રિયા પણ ટુક સમયમાં થશે. સાથે સાથે રાજ્યની ઘણી શાળાઓમાં કલાર્ક નથી તો કલાર્ક અને પટાવાળા પણ દરેક શાળાઓને મળે,બાકી રહેલ તમામ શાળાઓને પેનલ બોર્ડ અને કમ્પ્યુટર લેબ મળે, દરેક ગ્રાન્ટેડ શાળાઓને સોલાર સિસ્ટમ પણ સરકારશ્રી દ્વારા આપવામાં આવે,શાળાઓને ગ્રાન્ટ હાલમાં વર્ગ દીઠ રૂ. ૩૦૦૦ મળે છે તે વધારીને રૂ. ૫૦૦૦ કરવાની તેમજ શાળાઓમાં નામાંકન વધવાના કારણે ઓરડાઓની જરૂરિયાત, આરોગ્ય વિષયક જરૂરિયાતો, પાણીની વ્યવસ્થા તેમજ શાળાના મકાનને રીપેરીંગ તેમજ કલરને લગતી બાબતો અંગેનો પરિપત્ર પણ સત્વરે થાય તે અંગે આપણે રજૂઆત કરી છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું આપણું સામાયિક "શ્રી સારસ્વત" સમયસર દરેક જિલ્લાઓમાં મળે તે માટે આપણે સંસદ- કારોબારીમાં નક્કી કર્યા મુજબ જિલ્લા ઘટક સંઘ જણાવે તે મુજબ મોકલીશું. આ માટે જે જિલ્લાઓએ સરનામાં નથી મોકલ્યા તેઓ સત્વરે માહિતી મોકલી આપે તેમજ જિલ્લામાં બાકી રહેલ આચાર્યમિત્રો પણ સારસ્વતના સભ્ય બને તે માટે ઝોનકક્ષાના જવાબદાર હોદ્દેદારશ્રીઓ પણ જિલ્લા ઘટક સંઘોના સંકલનમાં રહી સભ્ય વધે તેવા પ્રયત્નો કરવા આગ્રહ ભરી વિનંતી. કલ્યાણનિધિ યોજનામાં ૧૦૦% સભ્યો બનાવ્યા છે તેવા જિલ્લા ઘટક સંઘના હોદ્દેદારોને અભિનંદન. ૪૦% જિલ્લા ઘટક સંઘોએ ૯૦% ઉપર કલ્યાણનિધિ ના સભ્યો બનાવેલ છે તે મિત્રોને પણ અભિનંદન . તા-૧૫/૦૭/૨૦૨૪ પછી પણ આપના જિલ્લામાં ૧૦૦% કલ્યાણનિધિના સભ્યો બને તેવા પ્રયત્નો ચાલુ રાખસો. આપના જિલ્લાની કલ્યાણનિધિ સભ્યોની યાદી સત્વરે કલ્યાણનિધિ કન્વીનરશ્રી ને મોકલી આપશો. આપસૌ સારસ્વત મિત્રો એ સંગઠન ને મજબુત બનાવવા સારસ્વત મુખપત્ર તેમજ કલ્યાણનિધિ યોજનાના સભ્યો વધારવામાં જે જહેમત, પરિશ્રમ કર્યો છે તે બદલ પુનઃ આપસૌ મિત્રોનો આભાર સહ અભિનંદન.

આપના જિલ્લાનો કોઈપણ પ્રશ્ન હોય તો જિલ્લા આચાર્ય સંઘના લેટરપેડ ઉપર લખી મોકલી આપશો જેથી રાજ્યકક્ષાએ પુરાવા સહીત રજૂઆત કરી શકીએ.

**''સંઘે શક્તિ કલૌ યુગ''**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## મહામંત્રીનો પત્ર


**આત્મીય સૌ સારસ્વત મિત્રો,**

કુશળ હશો. કુશળતા ચાહતા કુશળ છીએ. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયા ને લગભગ એક મહિના જેટલો સમય પૂરો થયો છે. ઉનાળુ વેકેશન દરમિયાન સુમસામ ભાસતા આપણા શૈક્ષણિક સંકુલો પુનઃ વિદ્યાર્થીઓની ચીચિયારીઓથી ગુંજતા થયા છે. સૌને નવા શૈક્ષણિક વર્ષની હૃદય પૂર્વકની શુભકામનાઓ....

મિત્રો શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં આપણી એટલે કે આચાર્ય ની ભૂમિકા ખૂબજ મહત્વની છે અને એટલે જ આચાર્યને જ્યોતિર્ધર કહે છે. આપના તમામ પ્રશ્નો અને સમસ્યાઓના નિરાકરણ માટે આપણું સંગઠન ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ની સમગ્ર ટીમ નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરી રહી છે. **જૂની પેન્શન યોજના, તમામ કર્મચારીઓની કાયમી ભરતી, આચાર્ય નો તા.5/1/65નો ઇજાફો, આચાર્યને જુના શિક્ષકમાં જવાની છૂટ, નિભાવ ગ્રાન્ટમાં વધારો, શિક્ષક આચાર્ય સળંગ નોકરી** જેવી અનેક બાબતોની સરકારમાં વારંવાર રજૂઆત કરવામાં આવે છે અને તેનું નિયમિત ફોલોઅપ પણ લેવામાં આવે છે. મિત્રો સરકારશ્રીમાંથી અવારનવાર વિવિધ પ્રકારની માહિતીઓ અધિકારીઓ દ્વારા આપણી પાસે અર્જન્ટ માંગવામાં આવે છે, આ બાબતે કેટલાક મિત્રો સ્ટ્રેસ અનુભવે છે, એક્સાઈટ થઈ જાય છે. મિત્રો આપણે આચાર્ય છીએ આવો સ્ટ્રેસ લેવાની કોઈ જરૂર નથી, ખૂબ શાંત ચિત્તે, સ્વમાનભેર આપણાથી બનતા નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરવાના છે. કોઈએ પણ ખોટો સ્ટ્રેસ લઈ પોતાના સ્વાસ્થ્ય ને હાની પહોચાડવાની નથી. રાજ્યનું આપણું સંગઠન સદૈવ આપ સૌની સાથે છે.

મિત્રો સંગઠન થકી જ ભૂતકાળમાં પણ આપણે ઘણું બધું મેળવ્યું છે અને ભવિષ્યમાં પણ ચોક્કસ મેળવીશુંજ. આપણા સારસ્વત કુળના કલ્યાણ માટેની યોજના એવી આપણી 'કલ્યાણ નિધિ' અને સંઘ નું મુખ પત્ર આપણી ઓળખ એવા સારસ્વતનું સો ટકા લવાજમ તમામ મિત્રો ભરે અને સંગઠનને બળવત્તર બનાવવામાં સૌ પોતપોતાનું યથા યોગ્ય યોગદાન આપે તેવી સૌને વિનંતી સહ પુનઃ સૌને નવા શૈક્ષણિક વર્ષની અનંત શુભકામનાઓ....

આપનો...
**ભરત ચૌધરી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



# સંપાદકનો પત્ર



**શ્રી રાકેશ પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

**સર્વે સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.**

આ અંક આપની સમક્ષ રજૂ કરવા અને દરેકને હાથોહાથ અંક મળે તે માટે ગત સામાન્ય સભાના સર્વે સંસદ સભ્યો દરેક જિલ્લાના પાંચ સ્થાને કુરિયરથી મોકલવા સંમતિ આપેલ છે, જેથી ઘટકમાંથી જ દરેકને રૂબરૂ અંક મળે તે મુજબની વ્યવસ્થા ગોઠવેલ છે.

આપણા અંક પ્રસિદ્ધિ પછી બીજા મહિના પહેલા www.shreesaraswat.com આપણી વેબસાઈટ ઉપર પણ મૂકવામાં આવે છે. આમ આપ સૌને બન્ને માધ્યમથી અંક સમયસર ઉપલબ્ધ કરાવવા અમો કટિબદ્ધ છીએ.

આપણા સંગઠનની ટીમ સતત સરકાર અને અધિકારીશ્રીઓનો સંપર્ક કરી આપણા પ્રશ્નો માટે સજાગતાપૂર્ણ રજૂઆત કરી આચાર્ય હિતાર્થે કાર્યશીલ છે, જેના માટે આપ સર્વેનો વિશ્વાસ જ અમારું ઈંધણ છે.

દરેક ઘટકને પણ વિનંતી કે સંગઠનના મુખ્ય ઉદ્દેશ આચાર્ય હિતના જે છે તે માટે “કલ્યાણનિધિ” યોજના છે જેમાં તમામ આચાર્યોને જોડવા આપ પ્રયત્નશીલ છો અને ઘણુંખરું કર્યું છે, તે બદલ સર્વેને અભિનંદન...

આપ સર્વે આપના જિલ્લાનાં કર્યાણનિધિ સદસ્યોની એક યાદી (નામ, શાળાનું નામ, જોડાણ તારીખ, પહોંચ નંબર, નિવૃત્તિ તારીખ) આ મુજબ મોકલશો તો કાયમી ધોરણે આપણી વેબસાઈટ ઉપર મૂકી શકાય.

આપ સર્વે જાણો છો કે આગામી ટૂંક સમમયાં બોર્ડની ચૂંટણીઓ જાહેર થવા જઈ રહી છે. તે માટે આપણાં સૌની જવાબદારી તરીકે મતદાર યાદી ચકાસી તેમાં સુધારાવધારા સમયસર કરવા વિનંતી છે. આપણા સંઘનું સભ્યબળ જ આપણાં કાર્યોને વેગવંતુ બનાવશે અને ચૂંટણીના કાર્યમાં આપણે સજાગતાપૂર્વક કાર્યરત રહો તેવો અનુરોધ છે.

આ અંકને જ્ઞાનસભર બનાવવા તેમજ આચાર્યની રોજબરોજના વહીવટી માર્ગદર્શન માટે વિવિધ લેખો આ અંકમાં “રજા” અંગેની માહિતી આપવા પ્રયત્ન કરેલ છે. આશા છે કે આપને આ અંક ઉપયોગી બની રહેશે.

આપના,

**રાકેશ પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદક શ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

તા. 22-06-2024 ને શનિવારના રોજ મળેલ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની સંસદ - કારોબારી સભામાં અમોને મળેલ સત્તાની રૂએ સંગઠનના હિતમાં નીચે મુજબની નિમણૂંક જાહેર કરવામાં આવે છે :

| ઝોન | ક્રમ | હોદ્દો | નામ/સરનામું |
|---|---|---|---|
| દક્ષિણ ઝોન | 1 | ઉપપ્રમુખ | શ્રી કિશોરકુમાર એન. જાની, રૂ સી મા પુણાવાલા સાર્વ. એક્સ સ્કૂલ, સુરત. (મો.) 9828970347 |
| | 2 | મહિલા ઉપપ્રમુખ | શ્રીમતી ડીમ્પલબેન નીલેશકુમાર મોદી, આર.કે. પંડ્યા હાઈસ્કૂલ, વડોદરા. (મો.) 9925041928 |
| | 3 | ઝોન પ્રવક્તા | શ્રી મેહુલભાઈ પી. પટેલ, છોટાઉદેપુર. (મો.) 9879086451 |
| ઉત્તર ઝોન | 1 | ઉપપ્રમુખ | શ્રી રણજીતસિંહ એમ. જાડેજા, અમીફિસલ ઉ.મા. શાળા, ભુજ. (મો.) 9427449971 |
| | 2 | મહિલા ઉપપ્રમુખ | શ્રીમતી ભાવનાબેન એ. વાઘેલા, શ્રીમતી કે.કે. પટેલ વિદ્યાલય, ગાંધીનગર. (મો.) 94282174223 |
| | 3 | સંગઠન મંત્રી | શ્રી નિશ્ચલ એમ. મોદી, ઉ.બુ. વિદ્યાલય, હિંમતનગર (મો.) 9828135277 |
| સૌરાષ્ટ્ર ઝોન | 1 | ઉપપ્રમુખ | શ્રી સંજયભાઈ જે. પંડ્યા, હ.લ. ગાંધી વિદ્યાવિહાર હાઈસ્કૂલ, રાજકોટ. (મો.) 9925030310 |
| | 2 | મહિલા ઉપપ્રમુખ | શ્રીમતી સરોજબેન એન. પટેલ, કન્યા વિદ્યાલય, ખામટા, રાજકોટ. (મો.) 8200387234 |
| | 3 | સંગઠન મંત્રી | શ્રી સંજયભાઈ એ. જાવિયા, મોરબી. |
| મધ્ય ઝોન | 1 | ઉપપ્રમુખ | શ્રી વિરભદ્રસિંહ પી. ચુડાસમા, અમદાવાદ ગ્રામ્ય. (મો.) 9979499900 |
| | 2 | મહિલા ઉપપ્રમુખ | શ્રીમતી લીલાબેન એલ. ચૌધી, નિર્માણ ગર્લ્સ સ્કૂલ, અમદાવાદ. (મો.) 9428541430 |
| | 3 | કલ્યાણનિધિ સંયોજક | શ્રી જગદીશકુમાર ડી. પટેલ, વીરપુર, મહીસાગર. |
| | 4 | સારસ્વત સંયોજક | શ્રી હરેશભાઈ જી. પટેલ, અમદાવાદ ગ્રામ્ય |

**અભિનંદન** **અભિનંદન** **અભિનંદન**

## વૈદિક ગણિતની અસરકારકતા વિશે શોધનિબંધ



ડૉ. ચેતન આઈ. બારમેડા, ડૉ. યોગેશ પરમાર (ગાઈડ), ડૉ. પરેશ આચાર્ય

# ભૂજની પી.સી.વી. હાઈસ્કૂલના આચાર્યશ્રી ડૉ. ચેતન આઈ. બારમેડાને પીએચ.ડી.ની પદવી એનાયત

કચ્છ જિલ્લા આચાર્ય સંઘના અધ્યક્ષ તથા ભૂજની પી.સી.વી. હાઈસ્કૂલના આચાર્યશ્રી ડૉ. ચેતનભાઈ આઈ. બારમેડાને ધોરણ-9ના વિદ્યાર્થીઓ ઉપર વૈદિક ગણિતની અસરકારકતા તપાસવી વિષય ઉપરના શોધનિબંધ માટે પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈ છે. તે બદલ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તેમને ખૂબ ખૂબ અભિનંદનની સાથે શુભેચ્છાઓ પાઠવે છે...

"જિંદગી, ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત !"

# શ્રી એ. પી. શાહ સાહેબ – ગુજરાત ગણિતનું ગરિમાવંત ગૌરવ

– ડૉ. નીરવ એન. ઠક્કર

વિદ્યાર્થી અવસ્થા એ જીવનની શ્રેષ્ઠ અવસ્થા છે. શાળાના મિત્રો, તમારો પરિવાર, પાડોશી અને શિક્ષકો એ બધાની જીવન પર ખૂબ મોટી છાપ હોય છે. જમીન પર તાજા પથરાયેલા સિમેન્ટ પર એક પીંછું પડતાં તેની છાપ અંકિત થઈ જતી હોય છે, એવી જ રીતે નાનપણમાં થયેલા-બનેલા- જોયેલા જુદા જુદા પ્રસંગો મન પર અંકિત થઈ વ્યક્તિના વ્યક્તિત્ત્વનું ઘડતર કરે છે. વિદ્યાર્થીકાળમાં માતા-પિતા અને મિત્રો પછી જો બાળકના મન પર સૌથી વધુ પ્રભાવકારી કે અંકિત થતું વ્યક્તિત્વ એટલે શિક્ષક! જ્યારે ઉંમર પણ 'વન' વટાવવાના આરે હોય અને તેમાંથ અડધું આયખું ભણવા, ભણાવવામાં કાઢ્યું હોય, ત્યારે હું આ વાત અધિકારપૂર્વક કહી શકું. - મિત્રો - સહપાઠીઓ - જેમની સાથે નિયમિત રીતે રવિવાર મળવાનું થાય ત્યારે સવારે ચા ની ચૂસકી લેતાં લેતાં અલકમલકની વાતો થાય તેમાં અમે શાળાના શિક્ષકોને અચૂક યાદ કરીએ. (આભાર માર્કઝકરબર્ગનો જેમણે facebook - whatsappથી સૌને સતત સંપર્કમાં રહેવાની તક આપી.)

આ જ તાકાત છે શિક્ષકની! આજે વાત કરવી છે આવા જ એક દંતકથા સમાન શિક્ષક ડૉ. એ. પી. શાહ સાહેબની :

વર્ષ 1982 થી 1984 દરમિયાન સાધના વિનય મંદિર- સારંગપુર વિજ્ઞાન પ્રવાહ ચાલતો ન હોવાથી ફરજિયાત શાળા છોડવાનો વારો આવ્યો અને મારે અન્ય શાળામાં (વિશ્વભારતી શાહપુર ) ભણવા જવાનું થયું. ધોરણ 11 - 12 વિજ્ઞાનપ્રવાહનો એ વખતે પણ - ભારે 'હાઉ' - વિજ્ઞાનપ્રવાહ લો એટલે બે વર્ષ સુધી મનોરંજનના નામે નકોરડા ઉપવાસ! સાથે સાથે વિજ્ઞાન પ્રવાહના ટ્યુશન અને વિષય-નિષ્ણાત શિક્ષકોની બોલબાલા. છે. ક 1982માં એ.પી.શાહ સાહેબનું નામ અને એમના વિશે સાંભળેલું

**"એક એવા શિક્ષક, કે જે બન્ને હાથે લખે...!"**

"ગણિતનું પેપર જો એ. પી. શાહ સાહેબનું હોય તો 150માંથી 100 માર્ક્સ લાવવાના પણ ફાંફાં." (બાય ધ-વે, એ વખતે ગણિત પેપર-I અને પેપર-Iએમ 75 માર્ક્સનાં બે પેપર આવતા. એમ કુલ 150 માર્ક્સનું ગણિત. અરે, બોર્ડના ટૉપર્સને પણ 120 થી 130 માર્કસ લાવવા ઘણા અઘરા..! )

"એ. પી. શાહ સાહેબ તો ગાડીમાં તો બેસીને ભણાવે." (તેમનો મૂવીપ્રેમ જગજાહેર !) "દર શુક્રવારે નવું મૂવી આવે તે જોવા અચૂક જાય."

"અરે, સાહેબ તો અમુક મૂવી શુક્રવારે ફ્લાઇટમાં મુંબઈ જઈને પણ જોઈ આવે!"

આ બધી વાતો સાંભળી વિદ્યાર્થી-અવસ્થામાં મને ખૂબ કૌતુક થતું, શિક્ષક, જે પોતાના વિષયમાં તો ગુજરાતભરમાં નિષ્ણાત હતાંજ પણ સાથો સાથ આવા ગ્લેમરસ વ્યક્તિત્વ વિશે સાંભળી કૌતુક તો થાય જ ને! સાથે યુવાવસ્થામાં રોમાંચ ભળે તે અલગ !

નાનપણમાં આ બધું ખૂબ સાંભળેલું, પણ તેમનો સાક્ષાત્કાર થયો છેક 2009 માં!

યોગાનુયોગ હું એ. જી. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે 2009 માં નિમણૂક પામ્યો. અહીં સ્કૂલ કો-ઓર્ડીનેટર તરીકે આદરણીય એ. પી. શાહ સાહેબ, કે જેમના વિશે નાનપણથી જ ઘણું બધું સાંભળતો આવ્યો હોઉં; જેમની પરિકલ્પના એક સેલિબ્રિટી તરીકે કરેલી હોય... એમની જ સાથે બેસી શાળા સંચાલન કરવું અને રોજબરોજના વ્યવહાર જાળવવા એ મારે માટે સ્વપ્ન સમાન હતું. ગણિતના આ 'જીનીયસ' સાથે શાળામાં અંબિકાના દાળવડાં ખાતાં ખાતાં ગણિત શિક્ષણ ઉપરાંત શાળા શિક્ષણને લગતાં વિવિધ આયોજન કેવી રીતે કરવાં એના પાઠ શીખવા મળ્યા. અને હા, જો આ ચર્ચાઓ દરમિયાન શાળા છૂટી જાય તો છૂટયા પછીય દાળવડા તો ખરાંજ... એય પાછાં અંબિકાના .....!

મને એ. પી. શાહ સાહેબ સાથેના સતત સંપર્કથી માર્ગદર્શન મળતું રહ્યું. ક્યારેક અરસપરસ કોઈક બાબતે અસંમતિ પણ હોય, પરંતુ હકારાત્મક ચર્ચાના અંતે નિર્ણય તો સમંતિપૂર્વક જ લેવાય.

મારા માટે પણ એ. જી. હાઇસ્કૂલ નવી ! સંસ્થા વિશે ઘણું ઘણું સાંભળ્યું હતું અને તેના પડકારો પણ મોટા! :

મારે મન શાળાશિક્ષણ એટલે ઘણી બધી અભ્યાસિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ; અહીં તો જુદું જ ચિત્રા મહદ્ અંશે માહોલ માત્રને માત્ર શિક્ષણ; અને શિક્ષણકાર્યની સફળતાનું માપન એટલે બોર્ડનું અવ્વલ પરિણામ, એમાય વિશેષતઃ બોર્ડમાં નંબર આવેલ વિદ્યાર્થીઓ અને ડિસ્ટિંક્શન (વિશેષ યોગ્યતા) મેળવનારની સંખ્યા.

સામે છેડે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ તરફના મારા ઝુકાવ અને આગ્રહને લીલી ઝંડી મળી શ્રી એ.પી. શાહ સાહેબ તરફથી; અને શાળાના ઇતિહાસમાં પ્રથમ વાર શાળાકીય વિજ્ઞાનમેળામાં ખગોળની થીમ પર આખાય એક સપ્તાહનું બેનમૂન પ્રદર્શન રજૂ કર્યું. જેને અમદાવાદની શાળાઓએ મન મૂકીને સરાહ્યું. તેનો નિર્વિવાદ શ્રેય જાય છે એ. પી. શાહ સાહેબના માર્ગદર્શનને.

આવો જ એક અન્ય પ્રસંગ યાદ આવે છેઃ જ્યારે જ્યારે ગુજરાતના ગણિતની વાત આવે ત્યારે આપણે આદરણીય શ્રી પી. સી. વૈદ્ય સાહેબ અને આદરણીય શ્રી અરુણભાઈ વૈદ્યને કેમ ભૂલીએ ? વળી પાછા શ્રી અરૂણભાઇ વૈદ્ય તો એ. પી. શાહ સાહેબના ગુરુ અને તેમના પીએચ.ડી.ના ગાઈડ પણ.

એ. પી. શાહ સાહેબની ઉપસ્થિતિમાં ગુજરાતના તમામ ગણિતજ્ઞોની શાળામાં આવન- જાવન રહેતી - શ્રી પી. કે. વ્યાસ સાહેબ, શ્રી બચુભાઈ રાવલ (વૈદિક ગણિતવાળા..) અને એવા તો અનેક. આ ગણિતજ્ઞોની ગોષ્ઠી દરમિયાન શ્રી અરૂણભાઈ વૈદ્ય સાહેબનો જન્મદિવસ ઊજવવાનો નિર્ણય થયો. શ્રી એ. પી. શાહ સાહેબે નેતૃત્ત્વ લીધું અને ગુજરાતના ગણિતના 'who's who' કહી શકાય તે તમામ ગણિતજ્ઞો એ. જી. હાઇસ્કુલના પ્રાંગણમાં એકઠા થયા અને ગણિત શિક્ષણ સંવર્ધન-સંમેલન યોજાયું. આ રીતે ગણિતના ગૌરવગાન સાથે અનન્ય રીતે, અરુણભાઈ વૈદ્યનો ૭૫ મો (અમૃત) જન્મદિવસ ઊજવાયો. મને પણ સમગ્ર કાર્યક્રમની યજમાનગીરી કરવાનું સૌભાગ્ય સાંપડ્યું.

એ. પી. શાહ સાહેબના સહવાસથી મારો ગણિત સાથેનો નાતો પુનર્જીવિત થયો અને પરિણામ સ્વરૂપે મને ગુજરાત પાઠ્યપુસ્તકમંડળમાં ધોરણ 10 ના ગણિતના પુસ્તકમાં લેખક તથા પરામર્શક તરીકે કાર્ય કરવાની તક મળી. એટલું જ નહીં, પ્રાથમિક શિક્ષક તાલીમ સંસ્થા એટલે કે પીટીસીના ગણિત વિષયના અંગ્રેજી માધ્યમના પુસ્તકના લેખક અને અનુવાદક તરીકે પણ કાર્ય કરવાની તક મળી. મારા આ ઉપક્રમમાં મેં જોયું કે એ.પી. શાહ સાહેબ મારા લખાણમાં નજીવા ફેરફારો કરીને આખી વિગત એટલી સરળ બનાવી નાખતા કે તેમનું માત્ર ગણિત પર જ નહીં પણ ભાષા પર પણ સમાન પ્રભુત્વ જણાઈ આવતું.

તેમની સાથેના સંસ્મરણોમાં અન્ય એક પ્રસંગ યાદ આવે છે : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉચ્ચ અધિકારીઓએ એવો નિર્ણય લીધો કે ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના ગણિતના પાઠયપુસ્તક માટે સીધેસીધું એન.સી.ઈ.આર.ટી.નું પુસ્તક લઈ તેનો જ અનુવાદ કરાવી લેવો. એ.પી. શાહ સાહેબ એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તકની ખૂબીઓ અને ખામીઓ બંને જાણતા અને તેથી તેમણે ગુજરાતના ગણિતના પાઠયપુસ્તકમાં આવી કોઈ ખામીઓ રહેવા દીધેલ નહીં.. હવે જયારે એન.સી.ઈ.આર.ટી. નું ગણિતનું પુસ્તક બેઠે બેઠું લેવાનું છે તે બાબત તેમના તેમના ધ્યાનમાં આવતા તેમણે એક વિશદ અભ્યાસપૂર્ણ નોંધ તૈયાર કરી અને શિક્ષણના ઉચ્ચ અધિકારીઓ સામે ખૂબ જ વિગતપૂર્વકની રજૂઆત કરી અને તમામ અધિકારીઓને ગુજરાતનું પોતાનું પુસ્તક ચાલુ રાખવા માટે સંમત કર્યા; આથી અધિકારીઓને પણ એવી પ્રતીતિ થઈ કે ગુજરાતના ગણિતનું પાઠ્યપુસ્તક એ એન.સી.ઈ.આર.ટી.ના પુસ્તક કરતાં ઘણું બધું ચડિયાતું છે.

શ્રી એ.પી. શાહ સાહેબ અને ગુજરાતનું ગણિત એકમેક સાથે એટલા જોડાયેલાં રહ્યાં કે ગુજરાતના લગભગ ચારેક દાયકાની કેટલીયે પેઢીઓ તેમના લખાયેલા પાઠયપુસ્તકથી ગણિત શીખી છે અને ગણિતમાં આગળ વધી છે, હવે તેમણે લેખનમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. અને તેમનો આ અમૂલ્ય ખજાનો ગણિતનાં પુસ્તકોનો અંગત સંગ્રહ અમારી એ.જી. હાઈસ્કૂલના પુસ્તકાલયને ભેટ આપેલ છે, જે અમારે મન આવતી

વિદ્યાર્થી પેઢી માટે મહામૂલો વારસો છે.

તેમની નિવૃત્તિ માત્ર ગણિત પૂરતી જ છે; ફિલ્મ માટેની તેમની ઉત્કટતા હજુય યથાવત છે. દર શુક્રવારે હિમાલયા મોલના મૂવી થીએટરમાં દરવાજા બાજુની પહેલી સીટ એ એ. પી. શાહ સાહેબના નામે કાયમી ધોરણે અનામત!. સાહેબ વ્હીલચેરમાં બેસીને પણ મૂવી જોવા તો આજેય અચૂક જાય અને તેમના આગવાં અવલોકનો શેર કરે છે. વેલ, ફિલ્મ ઇન્ડસ્ટ્રીના શૉ-મેન રાજકપૂર જેવા જ ગુજરાત ગણિતના આપણા શૉ-મેન એ.પી. શાહ સાહેબ! અને ફેવરિટ કલાકાર પણ રાજકપૂર જ. રાજકપૂરની કોઈ પણ મૂવી વિષે પૂછો તો શાહ સાહેબ વર્ણનમાં તેની આબેહૂબ દશ્યપ્રતીતિ કરાવી શકે!

ગણિતની વાત છે તો પેલી મનસુખ લાલ ઝવેરીની પંક્તિઓ યાદ આવે છે :

**જિંદગી ! ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત !**
**એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો.**
**ના ના, ગણિત શાની? ગણિતમાં તો ખોટી રકમ સુધારી**
**પાછી માંડી શકાયે ખરી....**
**જિંદગીમાં એ કયંહી !!!**

આ પંક્તિઓને શાહ સાહેબે સાર્થક રીતે જીવી જાણી છે! ગણિત હોય કે જિંદગી; શાહ સાહેબનું કોઈપણ પગલું કે રકમ ખોટાં મંડાણા નથી. તેમનું કુટુંબજીવન પણ ગણિતની જ અદાથી સમન્વયિત થઇ રહ્યું. હાલ બેંગલૂરૂ સ્થિત તેમના બંને દીકરા અને પુત્રવધુઓ બહુરાષ્ટ્રીય કંપનીઓમાં ઉચ્ચ પદ શોભાવી રહ્યાં છે, જેનો તેમને ભારોભાર સંતોષ અને ગૌરવ છે. શાહ સાહેબ પોતે પણ તેમનું અંગત જીવન એ જ ખુમારીથી જીવી રહ્યા છે. ગુજરાતને આવા ઊંચા ગજાના ગણિત શિક્ષક મળ્યા તેનો ગર્વ છે. વ્યક્તિગત રીતે મને પણ એમનાં સહવાસ અને માર્ગદર્શન મળ્યા તે બદલ હું ધન્યતા અનુભવું છું અને તેમનો સ્મૃતિ વારસો મારે મન આજીવન અમૂલ્ય જણસ રહેશે.

પરમકૃપાળુ પરમેશ્વર શ્રી શાહ સાહેબને નિરામય દીર્ઘાયુ બક્ષે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા.

વિનીત,

**ડૉ. નીરવ એન. ઠક્કર**
ડૉ. નીરવ એન. ઠક્કર આચાર્ય એ. જી. હાઈસ્કૂલ
અધ્યક્ષ,
અમદાવાદ શહેર આચાર્ય સંઘ

## આચાર્યની સજ્જતા

મહેશભાઈ શર્મા
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી

**મોસમ આવી મહેનતની**
**વરસાદી ટીપાંની જેહમતથી**
**જૂન-જુલાઈ રૂમ-ઝુમ ઝલકે**
**શિક્ષણરથ સડસડાટ ચલાકે**

❖ શાળા પ્રવેશોત્સવ પૂર બહારમાં ચાલી રહ્યો છે. આંગણવાડીથી લઈ કોલેજકક્ષા સુધી ભાઈ મોસમ આવી પ્રવેશની........નાનાં......નાનાં.......... કસ્બાઓથી માંડીને અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં પ્રવેશ પ્રક્રિયાની ધબધબાટી જોવા મળી રહી છે. મનગમતી કોલેજમાં પ્રવેશ માટેનું કાર્ય ચાલી રહ્યું છે. હજુ નિયમિત શિક્ષણ માટે થોડો સમય લાગશે એવું જણાઈ રહ્યું છે. જો કે સ્વનિર્ભર સંસ્થાવાળાની ગાડી પૂરપાટ ચાલી રહી હોય તેમ જણાય છે. વર મરો........ વરની માં મરો પણ કન્યાનું તરભાણું ભરો....... એ ન્યાયે સવારના પી.ટી. સૂઝથી માંડીને પુસ્તકો, નોટો, પેન, પેન્સીલો, કલરબોક્ષ, નીટ, જી, વગેરે જાહેર પરીક્ષાના પુસ્તકોનો વેપાર પૂરો થઈ ગયો અને હવે ‘‘ઘોડો તબેલામાંથી નાસી છૂટ્યો છે ત્યારે તાળું મારવાનો કોઈ અર્થ ખરો?

❖ કમરતોડ ફી સ્વનિર્ભર શાળાઓની, શિક્ષણની ગુણવત્તામાં ઝાઝો ફેર ના પડવાથી હવે સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાને કારણે ઘણો બધો વર્ગ સરકારી શિક્ષણ પર ભરોસો અને વિશ્વાસ રાખી આગળ વધી રહ્યો છે,

❖ સરકારી અને ગ્રાન્ટેડ શાળાના આચાર્યોને હજુ વધુ બળવત્તર બનાવવા આમજનતાએ સંપૂર્ણ સાથ-સહકાર આપવાની જરૂરિયાત લાગી રહી છે. વિશાળ મકાન તથા મેદાન ધરાવતી શાળાઓમાં આચાર્યો તરફથી ખૂટતો સ્ટાફ, ખૂટતી ચીજ વસ્તુઓ, શૈક્ષણિક ઉપકરણો ત્વરીત પહોંચે અથવા આચાર્ય પોતે વ્યવસ્થા કરી શકે તેવું સરકારશ્રી તરફથી કરવા જેવું ખરું.

❖ જૂન-૨૦૨૪ પૂર્ણ થવાને આરે છે. નમો લક્ષ્મી, નમો સરસ્વતીના ફોર્મ યુધ્ધના ધોરણે ભરાઈ રહ્યા છે. ટેકનોલોજીને કારણે ઝડપથી કામગીરી થઈ રહી છે. જે અભિનંદનને પાત્ર છે.

❖ શાળા કેલેન્ડર મુજબ જુલાઈ-૨૦૨૪માં વર્ગ આધારિત રજીસ્ટર સંખ્યા કરતાં વધુ પ્રવેશ આપવામાં આવેલ હોય તો જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી પરવાનગી મેળવી લેવી જરૂરી છે. વળી, જો જિલ્લા કક્ષાના અધિકારીની મર્યાદા કરતાં વિશેષ સંખ્યામાં પ્રવેશ આપવો પડેલ હોય તો ત્રણ કોપીમાં રાજ્ય કક્ષાએથી વાયા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ભલામણથી પૂર્વ પરવાનગી પત્ર પાઠવી દેવો આચાર્યશ્રી માટે હિતાવહ છે. જેથી વધુ વિદ્યાર્થી પ્રવેશ માટે દંડનીય કાર્યવાહીમાંથી બચી શકાય. જુલાઈ-૨૦૨૪માં શૈક્ષણિક દિવસોનું શૈક્ષણિક કાર્ય જૂન-૨૦૨૪ના આખરી દિવસે સમગ્ર સ્ટાફ પરિવાર સાથે બેઠક કરી આયોજન ગોઠવી દેવું. વરસતો વરસાદ હોય તો ગરમાગરમ રહા-કોફી, ભજીયાં જેવો નાસ્તો રાખી સ્ટાફ પરિવારનો ખ્યાલ રાખી ખુશમિજાજ રાખવા, ભોજન વિના ભજન થાય નહિ...... એ ઉક્તિ ધ્યાનમાં રાખવી, જુલાઈ-૨૦૨૪ના શૈક્ષણિક દિવસોનો પળેપળ ઉપયોગમાં

લેવાયતો ઘણું સારું કારણકે પ્રથમસત્રમાં મોટાભાગનું શૈક્ષણિક કાર્યનો મદાર જુલાઈ માસમાં જ રાખવો પડે છે. વળી, ઓગસ્ટમાં ૫૦% જ શૈક્ષણિક કાર્ય થઈ શકે છે. જેથી જુલાઈ માસનો પૂરેપૂરો આચાર્યશ્રીએ ઉપયોગ કરવો જરૂરી છે. આ માસમાં શિક્ષક ભાઈ-બહેનોની રજા માટે પણ અંકુશ રાખવો.

❖ વિદ્યાર્થીઓની પૂરેપૂરી માહિતી, જેમ કે બેંક ખાતાં, આધારકાર્ડ, શિષ્યવૃત્તિ રીન્યુઅલ, જાતિવાર શિષ્યવૃત્તિના ફોર્મ ભરવાના થતા હોય. સરકારી સહાય યોજનાઓ જેવી કે સાયકલ મળવાપાત્ર કન્યાઓના ફોર્મ ભરી આપવાના થતાં હોય તેવી વિગતો બિન શૈક્ષણિક સ્ટાફ પરિવાર ધ્વારા અથવા તો મદદરૂપ થતા શિક્ષકભાઈ બહેન અથવા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેન સેવા અથવા માંગતા હોય તો તેને સાથે રાખી ડેટા-પ્રોસેસીંગની તમામ ડીઝીટલાઈઝેશન પ્રક્રિયા પૂર્ણ કરવી. સ્વ.લાલબહાદુર શાસ્ત્રીના ''આરામ હરામ હૈ'' સૂત્રને ધ્યાનમાં લઈ સમયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવો. થોડું આચાર્ય તરીકે આપનું શિડયુલ ટાઈટ રહેશે. પરંતુ આપની કામગિરી માટે આ સમયગાળો ખૂબ જ મહત્વનો, અગત્યનો રહે છે.

❖ શિષ્યવૃત્તિ ગણવેશ સહાય માહિતી આ માસમાં જ મોકલવાની થતી હોય સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ સાથે સંકલન કરી લેવું.

❖ વળી, જુલાઈ માસમાં જ કર્મચારીઓના ઈન્ક્રીમેન્ટ છોડવાના થતા હોય છે. જેથી કર્મચારી પક્ષની માહિતી પર ધ્યાન આપવું રહ્યું.

❖ પૂરક પરીક્ષા તેમજ એન.જી.ઓ. તરફથી યોજવામાં આવતી પરીક્ષાઓ, કાર્યક્રમો વગેરેમાં પણ શાળાનું પ્રતિનિધિત્વ જળવાય તેનો ખાસ ખ્યાલ રાખશો.

❖ વૃક્ષારોપણ, વનમહોત્સવ, એન.સી.સી., એન.એસ.એસ. સ્કાઉટ & ગાઈડ સંઘના કાર્યક્ર્મો ગોઠવવાના અથવા ભાગલેવા માટે ધ્યાન રાખવું પડશે.

❖ આચાર્યશ્રી ફરજો નિભાવવાનો જૂન-જુલાઈ માસ આયોજન અને અમલીકરણ માટે તેમજ માર્ગદર્શન માટે સતત કાર્યશીલ રહેવાનો છે. શાળાના સરળ અને અસરકારક વહીવટ માટે પ્રવર્તમાન નિયમોની મર્યાદામાં મંડળને જવાબદાર આચાર્યશ્રી રહે છે. જેથી આચાર્ય તરીકેની નિયમિત શાળામાં હાજરી ચાર ચાંદ લગાવી દેશે. જેમાં લેશમાત્ર શંકા નથી.

❖ પોતાની શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સ્વરછતા, સુંદરતાની ટેવો વિકસે તેવું આયોજન તથા શિસ્ત માટે વિદ્યાર્થી ભાઈ-બહેનોની વર્તણૂંક સારી રહે તે માટે યોગ્ય માળખું ગોઠવી તેની નિયમિત દેખ-રેખ પણ જરૂરી છે.

❖ આચાર્યશ્રીને સોંપાયેલ નાણાંકીય વ્યવહારો માટે નિયમાનુસાર ખર્ચની જોગવાઈ મુજબ અંદાજપત્ર તૈયાર કરવું જેથી સરળતા રહે.

• શાળામાં પ્રવેશ પામતા વિદ્યાર્થી ભાઈ-બહેનથી માંડીને નિવૃત્ત પામતા કર્મચારી, વાલીઓ, મંડળ, સરકારી કચેરીઓની આદાનપ્રદાન ની જાળવણીમાં આચાર્ય તરીકે ખૂબ જ સાવચેત રહી પોતાનો રોલ ભજવવાનો રહે છે. એટલે જ સ્તો કહેવાય છે કે **આચાર્ય દેવો ભવ:**

# શાબાશી સહુ વચ્ચે

**- દિનેશ માંકડ** (૯૪૨૭૯૯૦૯૭૯)

નવીન ગ્રામ્ય વિસ્તારની શાળામાં છાત્રાલયમાં રહી અભ્યાસ કરતો હતો. આમ તો છાત્રાલય અને શાળામાં બધી રીતે શિસ્તમાં વર્તતા નવીનથી વર્ગમાં કોઈ ભૂલ થઈ. વર્ગની વચ્ચે શિક્ષકે ઉભો કર્યો, "તારી પાસે તો આવી કદી અપેક્ષા જ નહોતી. તને લાગે છે કે તે આ યોગ્ય કર્યું છે ?" શિક્ષકની આંખોનો ક્રોધ અને ઘાંટાયુક્ત અવાજ સાંભળી નવીન તો હેબતાઈ જ ગયો. કશુંય બોલ્યા વગર, વર્ગની બહાર દોડ્યો. શાળામાં સહુએ માની લીધું કે છાત્રાલયમાં ગયો હશે.. પણ શાળામાં રજા પડ્યા સુધી તે છાત્રાલય સુધી ન પહોંચ્યો. આખી શાળા ને છાત્રાલય ચિંતામાં ગરકાવ થયાં. છેક બીજે દિવસે સાંજે તેના મામાનો ફોન આવ્યો કે "નવીન તો શાળાના શિક્ષકના ઠપકાથી રિસાઈને અહીં ભાગી આવેલો." ત્યારે સૌનો જીવ હેઠો બેઠો.

ફાધર વાલેસે તેમના એક પુસ્તકમાં એક પ્રસંગ ટાંક્યો છે - કોલેજના ગણિતના વર્ગમાં નબળા અને નિષ્ક્રિય રહેતા એક વિદ્યાર્થીએ એક વખત ગણિત દાખલાના થોડા પગલાં સાચાં કર્યાં. તેમના ખભે હાથ મૂકી શિક્ષકે તેને વર્ગની વચ્ચે ખુબ શાબાશી આપી. પરિણામ એ આવ્યું કે વધતા આત્મવિશ્વાસે તેને મહાવિદ્યાલયની વાર્ષિક પરીક્ષામાં વર્ગ આખામાં ગણિતમાં ઉચ્ચત્તમ ગુણ આવ્યા.

માણસ માત્ર ભાવનામય છે. પોતાની અને અન્યની પ્રક્રિયાની તેના પર તરત જ પડે છે. વયના દરેક તબક્કે તેની ભાવનાઓનો પ્રવાહ બદલાતો હોય છે. ખાસ કરીને વ્યક્તિ સમૂહમાં હોય ત્યારે તેની અભિવ્યક્તિ અલગ જ હોય છે. વર્ગ પોતે એક પ્રયોગ છે. ભિન્ન ભિન્ન વાતાવરણમાંથી આવતા વિદ્યાર્થીઓના ઘરના પર્યાવરણ અને પરિવારના સભ્યોની પ્રકૃત્તિ અલગ અલગ જ હોવાની. તેથી 'બધાને એક લાકડીએ હાંકવા'ની શિક્ષકની આદત બિલકુલ અનુચિત ગણાય. વિદ્યાર્થીના કમનસીબે આવું ઘણી ઘણી જગ્યાએ જોવા મળે છે. અલબત્ત પ્રશિક્ષણના અભ્યાસમાં મનોવિજ્ઞાનનો અભ્યાસ જરૂર કરાવાય છે, પણ તેનો ઉપયોગ તો કેવળ પરીક્ષામાં ગુણ લેવા પૂરતો જ થાય છે, વ્યવહાર માટે તો નહિ જ. પરિણામ સ્વરૂપે કેટલીય વાર શિક્ષકના અનુચિત વર્તનની ઘણી મોટી આડઅસર વિદ્યાર્થી પર પડે છે.

"શાબાશીના એક રૂડા બોલ પર હું બે માસ લગી જીવતો રહુ છું." જાણીતા તત્ત્વચિંતક અને હાસ્ય લેખક માર્ક ત્વેનનું આ વાક્ય વર્ગના ખુબ સાચું પુરવાર થાય છે. વિદ્યાર્થીની એક વખતની નાની પ્રશંસા પણ કેટલીક વાર જીવન બદલી દે છે. "દાદા, દાદા, જુઓ મને સ્ટાર મળ્યો." કહેતી દોડતી નાનકડી પૌત્રીમાં બોલતી વખતે એના ઊર્મિ આકાશમાં મહત્ત્વકાંક્ષાના કેટલા તારલા ચમકતા હશે એ તો એ જ કહી શકે.

પ્રશંસા થી આત્મવિશ્વાસ વધે. આત્મવિશ્વાસ વધે આત્મવિશ્વાસ જેવો કોઈ મિત્ર નથી. વ્યક્તિમાત્રમાં આત્મવિશ્વાસ વધે એનો પોતાને માટેનો દૃષ્ટિ કોણ જ બદલાય. દરેક કાર્ય ઉપાડતી વખતે તેની દઢતામાં ક્રમશઃ વધારો થાય. લાંબે ગાળે વ્યક્તિની ક્ષમતામાં નોંધપાત્ર ફેરફાર આવે. જો આ વાત વિદ્યાર્થીકાળમાં જ થાય તો સરવાળે તો વ્યક્તિનું જીવન બદલાઈ જાય. જરા વિચારીએ કે આપણી નાની પ્રશંસા, વ્યક્તિનું જીવન-પરિવર્તન કરી શકે.

શરદની મૌલિક અને શક્તિશાળી વિચારોની અભિવ્યક્તિ, તેના નિબંધો માં ખુબ દેખાતી. પણ શરદ ક્યારેય વર્ગમાં બોલવા ઉભો જ ન થતો. શાળાની વક્તૃત્ત્વ સ્પર્ધામાં તો કદીય ભાગ લેવા તૈયાર જ ન થતો. 'મારાથી નહિ બોલાય' કહીને ભાગતો.. ભાષાશિક્ષક શંકરભાઈ સાહેબે "તું બોલી શકે છે." કહી પરાણે પ્રાર્થનાસભામાં સુવિચાર બોલવા ઉભો કર્યો. તે બોલી ગયો પછી તેને થાબડ્યો. હવે તો અભિવ્યક્તિનું ક્યાંય પ્રદર્શન કરવાનું હોય રાજ્ય કે રાષ્ટ્ર કક્ષાએ, શાળાનું પ્રતિનિધત્ત્વ શરદ જ કરે છે. નાનકડી પ્રશંસાથી વ્યક્તિમાત્રમાં રહેલી લઘુતાગ્રંથિ ઘટે. આપણે સૌ જાણીએ છીએ કે લઘુતાગ્રંથિ માનવમાત્રમાં રહેલા અનેક આંતરિક ગુણોને અવરોધે છે.

શિક્ષકની પ્રશંસાથી અન્ય સહાધ્યાયીઓ સાથેનો સંવાદ પણ વધે. મિત્રતા પણ વધે. પરસ્પર આદર પણ વધે. એમ કરતાં કરતાં વર્ગ રસાયણ મજબૂત બને. પ્રશંસા તો શિક્ષણ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિ - બંનેમાં સાર્થક પુરવાર થાય. કવિતા કંઠસ્થ કરવાની હોય કે પ્રમેય સાબિત કરવાનો હોય, રાસાયણિક સમીકરણ સમતોલ કરવાનું હોય શિક્ષકની નાનકડી શાબાશી, વિદ્યાર્થીની સ્મરણ શક્તિનો ઉત્પ્રેરણા સ્રોત બની જાય. એ જ રીતે પ્રથમ વખત વક્તૃત્ત્વ, નિબંધ, નાટક કે ચિત્રસ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીને જો થોડો કે નવાજવામાં આવે તો તેની ગમતી કળાને વિકસવાની ચોક્કસ દિશા મળી જવાની દિશા જરૂર ખુલે જ. સૌની વચ્ચે શાબાશીથી પુષ્પની જેમ ખીલતો વિદ્યાર્થી સર્વાંગીણ વિકાસની ગતિમાં દોડવા લાગે છે.

શિક્ષકનું અગત્યનું દાયિત્ત્વ ઉત્તમ વાતાવરણમાં વર્ગ શિક્ષણ થાય, તે છે. તેવે વખતે અનેક વખત કેટલાય વિદ્યાર્થીઓને ઠપકો આપની સ્થિતિ ઉભી થતી હશે. ક્યારેક ગૃહકાર્યની કચાશ કે અધુરાશ તો ક્યારેક કોઈના અટકચાળાપણા બગડતું વર્ગશિક્ષણ કે ક્યારેક વ્યક્તિવાગત દોષ હોય. - ઠપકો તો આપવો જ પડે. એક સત્યઘટના સ્મરણે ચડે છે : શિક્ષણ પ્રશિક્ષણ મહાવિદ્યાલયના વર્ગમાં મનોવિજ્ઞાનના વરિષ્ઠ અને અનુભવી અધ્યાપક કોઈ વિષય પર ચર્ચા કરતા હતા. સ્વાભાવિક છે કે વિજ્ઞાનના વિષયવાળાને તેમાં થોડો ઓછો રસ પડે. વિદ્યાર્થીઓના એક ટીખળી જૂથે થોડો ગણગણાટ કર્યો. અધ્યાપકશ્રી એ વખતે કશું ન બોલ્યા. તાસ પૂરો થયો. અવકાશ સમયે સેવકની સૂચનાથી ટીખળી જૂથને અલગ ખંડમાં બોલાવી, બેસાડીને બોલવાનું શરૂ કર્યું. "મારા વ્યાખ્યાનમાં તમે આજે નિરસ થયા એમાં હું મારી કચાસ સમજુ છું.

બોલો, તમે નીરસ થયા?" - તમને શબ્દોમાં નિખાલસતા હતી નહી કે કટાક્ષ. ટીખળી ટોળકીએ ભોંઠપ અનુભવી. ક્ષમા માંગી, ફરી ધ્યાનસ્થ થવાનું વચન આપી વિદાય થયા.

શિક્ષક મિત્રો ઠપકો જાહેરમાં આપવાને બદલે તેને એકલે બોલાવીને આપે તો શિક્ષક ના કહેણનો ખુબ મોટો પ્રભાવ વિદ્યાર્થી પર પડે છે. જાહેરમાં અપાયેલ ઠપકો તેના અહંને ઉજાગર કરે અને સંભવ છે કે નફરત વધે અને હોય તેથી વધારે અયોગ્ય વર્તન તેનામાં વધે.

ગુજરાતી ભાષાનું પ્રચલિત લોકગીત યાદ આવે છે, 'કાંકરીના માર્યા કદી ન મરીએ, મહેણાંના માર્યા મરીએ.' - વિદ્યાર્થી દોષિત હોય નિર્દોષ, જાહેરમાં ઠપકો કોઈને ગમતો નથી. સ્વભાવે ઢીલો હશે તો કદાચ સહન કરી લેશે પણ એની અંદરનો આત્મા ખુબ ડંખશે. તે પોતાને ધિક્કારશે. આ ઘટના જો વારંવાર બને તો તેનામાં વિકૃત્તિ જન્મે. લાંબે ગાળે તે સમાજને નુકસાન પહોંચાડે. જો વિદ્યાકેર્થી થોડો પ્રતિકારક હશે તો ગમે તેવો ઉત્તર પાઠવશે અથવા અન્ય રીતે અયોગ્ય રીતે પ્રતિકાર કરશે. જે વર્ગ ખંડના પર્યાવરણને બગાડનાર હશે. જો ઠપકો ખાનગીમાં - વ્યક્તિગત અપાય તો ચોક્કસ બાલમાનસ ભૂલ સ્વીકાર પણ કરશે ને આત્મમંથન પણ કરશે. ખાનગી ઠપકાની પ્રણાલીથી કેટલીક વાર વર્ગના નહિ પકડાતાં દૂષણો સરળતાથી પકડી શકાય. કેટલીક વાર ઠપકો આપવાની ભાષાનો પ્રભાવ પણ કૈક વિશેષ હોય છે. કચ્છી ભાષામાં એક મુક્તકનો ભાવાર્થ છે : 'જે ઝેરથી ન મારે તેને ગોળથી મારવો !' ખભે હાથ મૂકીને મૃદુભાષામાં આપેલો ઠપકો રીઢા વિદ્યાર્થીની આંખમાં આંસુ લાવી દે, તેવા અનુભવો કેટલાય શિક્ષક મિત્રો પાસે હશે જ.

વર્ગ એ સ્વર્ગ ત્યારે જ બને જયારે શિક્ષક-વિદ્યાર્થી સબંધ સરળ હોય. પરસ્પર વિશ્વસનીય હોય. સાથે વર્ગ શિસ્ત એટલું અગત્યનું પરિબળ છે જે એક સાથે આખા વર્ગને અસર કરે છે. અહીં શાબાશી અને ઠપકો એ બંને ખુબ ઉપયોગી ઉપકરણો છે. બંનેનો આડેધડ ઉપયોગ કરવાને બદલે જો ઔચિત્યપૂર્વક ઉપયોગ કરાય તો જબરદસ્ત અસરકારક નીવડે છે .

આખરે તો આપણા સૌનું લક્ષ્ય વિદ્યાર્થીને ઉત્તમ નાગરિક - ઉત્તમ માણસ બનાવી સમાજને અર્પણ કરવાનું છે. બાળ મનોવિજ્ઞાન ભલે ગંભીરતાથી ન સમજ્યા પણ માનવ સહજ જે ભાવનાઓને સમજીને વર્ગ-વિદ્યાર્થી પ્રતિ આપણા વ્યવહારમાં નાનકડો ફેરફાર કરીને ખુબ મોટી પ્રાપ્તિ કરવાની તક છે. માત્ર જાગૃતિપૂર્વક આપણા વલણ-અભિગમ જ બદલવાના છે. અઘરું નથી. એક વાર શરૂ કરીશું ને પરિણામ દેખાવા માંડશે એટલે આપણે આપણને પોતાને કહીશું... "શાબાશ".

# નવી શિક્ષણ નીતિ અને તેની સામેના પડકારો

– કનાલા ધર્મેન્દ્રભાઈ અરજણભાઈ
આચાર્યશ્રી, જનતા વિદ્યાલય, તાતણીયા,
તાલુકો ખાંભા, જિલ્લો અમરેલી (મો.) ૯૯૯૮૩ ૨૦૦૪૫

દેશની શિક્ષણ પ્રણાલીને અસરકારક અને ગુણવત્તાસભર રાખવા માટે શિક્ષણ નીતિમાં સમયાંતરે ફેરફારો થતા રહ્યા છે. ઈ.સ. ૧૯૮૬થી અમલમાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ફેરફાર કરીને નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ લાવવામાં આવી છે. આ નીતિનો ઉદ્દેશ્ય શિક્ષણના માળખામાં રચનાત્મક ફેરફાર કરીને ભારતના શિક્ષણને વૈશ્વિક સ્તરે લઈ જવાનો છે. આ નીતિ હેઠળ શાળાથી કોલેજ સુધીની શિક્ષણ નીતિમાં ઘણાં અસરકારક ફેરફાર કરવામાં આવ્યા છે.

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ, વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોને ૧૦૦ ટકા સુધી લાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦માં જૂની શિક્ષણ નીતિની ખામીઓને દૂર કરીને નવો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને સમજવામાં સરળ હોય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત અભ્યાસક્રમને વિદ્યાર્થીઓ માટે ખૂબ રસપ્રદ બનાવવામાં આવ્યો છે અને ટેકનિકલ જ્ઞાન અને તેની સઘન તાલીમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિ હેઠળ, શિક્ષણ પ્રણાલી હવે ૫ +૩ +3 +૪ પર આધારિત હશે, જે ૧૦ +૨ની જૂની પ્રણાલીથી અલગ છે. જો કે, નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઘણા ફાયદા છે. જે નીચે મુજબ છે:

## નવી શિક્ષણ નીતિના ફાયદા

**1. વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ :**

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ એટલે કે જ્ઞાનની સાથે તેમના જ્ઞાનાત્મક, સામાજિક, સ્વાસ્થ્ય અને કૌશલ્ય વિકાસ પર પણ ધ્યાન આપવામાં આવશે. આ નીતિ વિવેચનાત્મક વિચારસરણી, સર્જનાત્મકતા અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપે છે, વિદ્યાર્થીઓને ૨૧મી સદીમાં થનાર વિકાસ માટે તૈયાર કરે છે. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવશે જેમાં તેમને બાગકામ, માટીકામ, ઈલેક્ટ્રિકલ વર્ક વગેરે શીખવવામાં આવશે.

**2. શીખવાની સરળ અને લવચીક રીત:**

આ શિક્ષણ નીતિ શિક્ષણને સરળ અને લવચીક બનાવે છે, વિદ્યાર્થીઓને તેમની રુચિઓ અને

કારકિર્દીની આકાંક્ષાઓના આધારે વિષયો પસંદ કરવા માટે સશક્ત બનાવે છે. વિદ્યાર્થીઓએ પહેલાની જેમ આર્ટસ, સાયન્સ અને કોમર્સ વચ્ચે પસંદગી કરવાની રહેશે નહીં. જો તેઓ ઈચ્છે તો ત્રણેય પ્રવાહમાંથી વિષયો પસંદ કરી શકશે. તે વ્યક્તિગત શિક્ષણને વધુ પ્રોત્સાહન આપે છે. વિદ્યાર્થીઓને તેમના જુસ્સાનું અન્વેષણ કરવા અને તેમના પસંદ કરેલા ક્ષેત્રોમાં કુશળતા વિકસાવવા સક્ષમ બનાવે.

**3. અભ્યાસક્રમનું ઓછું ભારણ :**

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦નો ઉદ્દેશ્ય મૂળ ખ્યાલો અને આવશ્યક શિક્ષણ પરિણામો પર ભાર મૂકીને વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનો બોજ ઘટાડવાનો છે. તે વિષયોની ઊંડી સમજણ માટે પરવાનગી આપે છે અને વધુ વ્યાપક શિક્ષણ અનુભવને પ્રોત્સાહિત કરે છે.

**4. ટેકનોલોજીનું એકીકરણ :**

નવી શિક્ષણ નીતિમાં ટેકનોલોજીના એકીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષકો તેમની શિક્ષણ કાર્યક્ષમતા વધારવા, વિવિધ શિક્ષણ શૈલીઓ અને અરસપરસ શિક્ષણનો અનુભવ કરવા માટે ડિજિટલ મોડલ, ઑનલાઇન સંસાધનો અને શૈક્ષણિક એપ્લિકેશનોનો લાભ લઈ શકે છે. આ ઉપરાંત નવી નીતિમાં શિક્ષણમાં ટેકનોલોજિકલ સુધારણાને મહત્વપૂર્ણ ગણવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ આધુનિક ટેકનિકલ જ્ઞાન મેળવી શકે.

**5. સમાવિષ્ટ શિક્ષણ :**

નવી શિક્ષણ નીતિ સમાવિષ્ટ શિક્ષણને પ્રાથમિકતા આપે છે. જે વિકલાંગ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સહિત વિવિધ પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓ માટે સમાન તકો સુનિશ્ચિત કરશે. વધુમાં તે સહાયક શિક્ષણ વાતાવરણને પ્રોત્સાહન આપે છે, જે વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ અને સમજણને પ્રોત્સાહિત કરે છે.

**6. કૌશલ્ય વિકાસ :**

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ કૌશલ્ય વિકાસ પર ભાર મૂકે છે. વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્યો જેમ કે વિવેચનાત્મક વિચારસરણી, સંદેશાવ્યવહાર, સમસ્યાનું નિરાકરણ અને ડિજિટલ સાક્ષરતાથી સજ્જ કરે છે. આ તેમની રોજગાર ક્ષમતામાં વધારો કરશે અને તેમને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરશે. તેમની સાથે વિદ્યાર્થીઓને તેમની રુચિના આધારે આગળ લઈ જવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેઓને સંગીત, રમત-ગમત કે રસોઈ વગેરે જેવા કૌશલ્યોમાં મજબૂત કરીને કુશળ બનાવવામાં આવશે જેથી દેશની સાથે તેમના ભવિષ્યનો પણ વિકાસ થઈ શકે.

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ઘણા ફાયદા છે પરંતુ તેની સામે કેટલાક પડકારો પણ છે. જેને ધ્યાનમાં લઈએ તો જ આ નીતિનું અસરકારક અમલીકરણ કરી શકાય.

**1. વિદ્યાર્થીઓ પર દબાણ અને સ્પર્ધા :**

નવી શિક્ષણ નીતિની સૌથી અગ્રણી ચિંતાઓમાંની એક છે- વિદ્યાર્થીઓમાં દબાણ અને સ્પર્ધામાં સંભવિત વધારો. કારણ કે આ નીતિ પ્રમાણભૂત પરીક્ષાઓના મહત્વ પર ભાર મૂકે છે અને શરૂઆતના વર્ષોથી શરૂ કરીને બહુવિધ સ્તરે બોર્ડ પરીક્ષાઓને પ્રોત્સાહિત કરે છે. આના કારણે વિદ્યાર્થીઓ ગ્રેડ અને પ્રદર્શન પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત કરે તો જે- તે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સુખાકારીમાં અવરોધ આવી શકે છે.

**2. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અસંતુલન :**

નવી શિક્ષણ નીતિ ડિજિટલ શિક્ષણ અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ પર નોંધપાત્ર ભાર મૂકે છે. જ્યારે આપણા દેશના તમામ વિદ્યાર્થીઓને ડિજિટલ ઉપકરણો, ઇન્ટરનેટ કનેક્ટિવિટી અથવા ઑનલાઇન શિક્ષણ માટે જરૂરી સંસાધનોની સમાન ઉપલબ્ધતા નથી આ અસંતુલન આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને હાંસિયામાં ધકેલી શકે છે, જેનથી શૈક્ષણિક અસમાનતાને વધુ વકરી શકે છે.

**3. અપૂરતી શિક્ષક તાલીમ અને સમર્થન :**

સતત વ્યાવસાયિક વિકાસ અને પ્રોત્સાહન માટે સ્પષ્ટ માર્ગદર્શિકાનો અભાવ વર્ગખંડોમાં અપાતા શિક્ષણની ગુણવત્તાને અસર કરી શકે છે. કારણ કે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ શિક્ષકોની તાલીમ અને સહાયની જરૂરિયાતોને યોગ્ય રીતે સંબોધવામાં નિષ્ફળ ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું પડશે.

**4. ભાષા નીતિ અને પ્રાદેશિક ભાષાઓ :**

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦માં, મોટાભાગના રાજ્યોમાં ભાષા વિવાદનો વિષય છે. કારણ કે ભારતમાં શિક્ષક-વિદ્યાર્થીનો ગુણોત્તર સમસ્યારૂપ છે, તેથી શૈક્ષણિક સંસ્થાઓમાં દરેક વિષય માટે માતૃભાષા દાખલ કરવી એ એક સમસ્યા છે. ઘણી વખત સક્ષમ શિક્ષક મેળવવો એ પણ એક મોટા પડકાર સમાન છે. આવી સ્થિતિમાં બીજો એક પડકાર નવી શિક્ષણ નીતિ હેઠળ માતૃભાષામાં અભ્યાસ સામગ્રી આપવાનો છે. વધુમાં, ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓને નાની ઉંમરે અંગ્રેજી શીખવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જ્યારે સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અભ્યાસક્રમ સંબંધિત પ્રાદેશિક ભાષાઓમાં ભણાવવામાં આવશે. નવી શિક્ષણ નીતિની આ એક અમલીકરણના કારણે ખાનગી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ વચ્ચેનું અંતર વધી ન જાય તેની પણ કાળજી લેવી પડે.

જો કે, નવી શિક્ષણ નીતિની રજૂઆત સાથે જ તેમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે, જે સૂચિત સુધારાઓ કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી લાગુ કરવામાં આવશે. જો કે તેમાં પડકારો કરતાં ફાયદાઓવધુ છે. ભારત સરકાર ૨૦૪૦ સુધીમાં નવી શિક્ષણ નીતિ સ્થાપિત કરવાનું લક્ષ્ય ધરાવે છે.

# पढ़ाई का विज्ञान-३

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

सौमन ९ साल का ऊर्जा और उत्साह से भरा हुआ छोटा बालक है। वह बहुत ही कुशाग्र एवं मेधावी छात्र है । अपनी मां से वो बड़ा होने के बाद क्या बनना चाहते हैं, इसपर हमेशा चर्चा करता है । दिलचस्प बात यह है कि उसकी पसंद केवल कुछ दिनों तक ही टिकती है। क्रिकेट मैच में भारतीय टीम की जीतते हुवे देखने के बाद वह क्रिकेटर बनना चाहते है और देश के लिए खेलना चाहता है । टीवी पर "लिटिल चैम्प्स गायन प्रतियोगिता" देखने के बाद वह भी गायक बनना चाहता है । अवकाश यान कार्यक्रम का प्रक्षेपण देखने के बाद वो भी वैज्ञानिक बनने के बारे में सोचने पर मजबूर हो गया, नहीं मन फैसला ही हो गया। पर फिर कुछ दिन बाद वो अपनी ५ वीं कक्षा की शिक्षिका से प्रेरित हो कर उसने तय किया की वो भी आगे जाकर शिक्षक बनेगा और बच्चों को पढ़ायेगा। लेकिन अभी एक दिन पहले, अपने पापा ने उनकी कंपनी के लिए एक सफल बिजनेस डील की ये सुनाने के बाद अभी सौमन ने भी अपने पिता की तरह एक मार्केटिंग अधिकारी बनने का फैसला किया है । सौमन की कहानी अभी ख़त्म नहीं हुवी, भविष्य मैं वो क्या बनेगा इस फैसले का सिलसिला अभीभी जारी है और शायद ऐसेही जारी रहेगा ।

हम समझ सकते हैं कि सौमन के साथ ऐसा क्यों हो रहा था। यह उन समसामयिक घटनाओं और जीवन स्थितियों का स्पष्ट परिणाम है जो वह देख रहा था, और यह बहुत आम बात है। हम सभी ऐसी परिस्थितियों से गुजरते हैं जहां अलग-अलग व्यक्तित्व हमें उत्साहित करते हैं, प्रेरणा देते हैं और हम भी उनके जैसा बनने की इच्छा रखते हैं। जिज्ञासा और रोल मॉडल हमारे समग्र विकास मैं बहोत बड़ा योगदान देते है। केवल, हमें उन रोल मॉडलों के बारे में सचेत रहने की आवश्यकता है जिन्हें हम चुन रहे हैं और उनका अनुसरण कर रहे हैं। वो चुनाव हम क्यों कर रहे है ये समझना बहुत जरुरी है। वे हमें प्रेरित करते हैं, हमारा मार्गदर्शन करते हैं और हमारे बीच महत्वाकांक्षाएं जगाते हैं। महत्वाकांक्षाएं और कुछ नहीं बल्कि सपने देखना ही है, और सपना वास्तविकता का दूसरा पहलू है। सिक्के की दूसरी बाजु जैसा। हर किसी को सपने देखने और महत्वाकांक्षाएं रखने की आजादी है। और हम सभी को सपने देखने ही चाहिए!

14 साल का अर्णव जब प्राइमरी स्कूल में था तो उसने भी एक सपना देखा था। लेकिन ९ वीं कक्षा मैं पहुंचते-पहुंचते उसका सपना मानो टूट सा गया, बिखर गया ऐसा उसे लगता है । ऐसा क्या हुआ होगा? ९ वी कक्षा मैं उसने लगभग ७५% अंक प्राप्त किए है, जो आज के हिसाब से बहुत अच्छे नहीं हैं। लेकिन निश्चित तौर पर बहोत बुरे हैं, ऐसा भी मैं नहीं मनाता। वह न तो अपनी कक्षा के प्रथम १० रैंकर्स में से है और न ही अंतिम १० या जिसे हम बैकबेंचर्स कहते है उनमें आता है । पर अर्णव की तरफ किसका ध्यान है ही नहीं। न स्कुल मैं और न ही परिवार, और रिश्तेदारोंमें मैं

। क्यों की वो होशियार छात्र तो है नहीं। अर्णव जैसे कई छात्र हैं। क्या हम एक शिक्षा प्रणाली के रूप में छात्रों के इस समूह की देखभाल कर सकते हैं? क्या हम उन्हें प्रोत्साहित करने के लिए "स्व-प्रतिस्पर्धा" पर आधारित मॉडल प्रदान कर सकते हैं?

अजीत सर के मार्गदर्शन में, डीएसपीपीएल ने हमेशा "डिफरेंशियल ग्रोथ इवैल्यूएशन मॉडल" की वकालत की, जहां पहली रैंक उस छात्र को दी जाएगी जिसने उच्चतम अंक प्राप्त किए और साथ ही उस छात्र को जिसने साल दर साल "उच्चतम अंतर वृद्धि" हासिल की है। मान लो - महेश ने पिछले साल ७०% अंक हासिल किए थे और इस साल उसने इसे सुधार कर ७९ % अंक हासिल कर लिये है, जो कि ९% की वृद्धि है, जिसे कक्षा में कोई और हासिल नहीं कर सका। अंकों के हिसाब से महेश भलेही सर्वोच्च नहीं है, लेकिन उसने अपने ही प्रदर्शन को ९% से सुधारा है जो उस कक्षा में "सर्वोच्च" है। क्या हम इन प्रयासों को पहचान दे सकते हैं? इससे महेश जैसे छात्रों को बहुत प्रोत्साहन मिलेगा और हम छात्रों को केवल "दूसरों से तुलना मत करना" इस बात का व्याख्यान देने के बजाय "स्व-प्रतिस्पर्धा" का मॉडल प्रदर्शित कर सकते हैं।

मंगेश अपनी कॉमर्स डिग्री के अंतिम वर्ष की पढ़ाई कर रहा है। जब उसे पूछा गया कि वो किन चीजों में रूचि रखता हैं? वह कॉलेज के अलावा और क्या करता है? कोई खेल, कला, अन्य पाठ्यचर्या संबंधी गतिविधि ? पर जवाब था "कुछ नहीं"। जब उसके साथ थोड़ी और पूछताछ की गई कि उन्होंने कॉमर्स स्ट्रीम का चयन कैसे किया, तो पता चला कि यह निर्णय "चुनाव" से नहीं बल्कि नकारात्मक पद्धति पर आधारित था। उसके अनुसार, "साइंस स्ट्रीम" उसके लिया मुश्किल होगा, और चूंकि आर्ट्स स्ट्रीम के लिए करियर विकल्प बहुत कम या सीमित हैं, इसलिए कॉमर्स करना ही एकमात्र विकल्प बचा था। बादमें उनके सपनों के बारे मैं पूछा गया, आप क्या बनाना चाहते हो ? तो जवाब अद्भुत था। विभिन्न देशों में अपना व्यवसाय चलाने वाले एक सफल उद्यमी बनना ! जब उसे इस बारे में और पूछताछ की गई कि वह अपने सपने को कैसे हासिल करेंगे? तब जवाब था "ऐसे ही होगा !"

जब मैं बच्चा था तो टीवी पर एक कॉमेडी सीरियल आता था "मुंगेरीलाल के हसीन सपने" इसमें किरदार मुंगेरी लाल का था, जो एक चौकीदार था और अपने कर्तव्य को भूलकर दिन मैं सोता था और बड़े बड़े सपने देखता था। जाहिर है, वो अपने काम मैं चूक जाता था और एपिसोड के अंत में अपने मालिक से डांट खाता था या कभी-कभी तो पीटा भी जाता था। सवाल ये नहीं है की हम कैसे सपने देखे ? सवाल या है की क्या हम चाहते हैं कि हमारे सपने सिर्फ सपने ही रह जाएं या हम उन्हें हकीकत में बदलने के लिए प्रयास भी कर रहे हैं?

हर किसी में छिपी हुई क्षमता होती है। भगवान ने हमें यह उपहार के तौर पर दि होती है। माना जाता है कि स्कुल या कॉलेज की शिक्षा, हमें उस उपहार को खोजने मैं, उस छिपी हुई क्षमता को जानने और फिर आवश्यक क्षमताओं पर व्यवस्थित रूप से निर्माण करके हमारी महत्वाकांक्षाओं को वास्तविकता बनाने में मदद करती है ! आप को एक उदहारण देता हूँ। मानो हम अपने सबसे अच्छे दोस्त को उसके जन्मदिन पर उसका पसंदीदा एक उपहार देते हैं, गिफ्ट पेपर मैं ढक कर देते है। अभी अगले दिन, हम बड़े उत्साह के साथ उसे पूछते हैं कि उसे तौफा पसंद आया या

नहीं ? और यदि वह उत्तर देता है "ओह....मैंने उसे अभी तक खोल के देखा ही नहीं है !" सोचो हमें कैसा लगेगा? ईश्वर को भी ठीक ऐसा ही महसूस होता है जब हम उस छिपी हुई क्षमता को उजागर करने का प्रयास नहीं करते हैं और ईश्वर के उपहार पर काम नहीं करते हैं। स्कूल, कॉलेज और विश्वविद्यालय, विषय, खेल, कला और अन्य सभी गतिविधियाँ उस क्षमता को "खोजने" के प्रयोग है और कुछ नहीं। परीक्षाएँ और प्रतियोगिताएँ हमें यह देखने में मदद करती हैं कि क्या हमारे पास वह क्षमता है। एक बार खोज लिया तो उसपर काम करके सफल बनो। इतना सीधा है ये। हिंदी फिल्मों में हम देखते है की एक नायक होता है और एक खलनायक होता है। लेकिन वास्तविक जीवन में तो हम खुद ही अपने जीवन में नायक (निर्माता) या खलनायक (असफलताओं को आमंत्रित करने वाला) बनाते है।

एक समय की बात है, एक गाँव में एक साधु रहता था, वह अपने गुरु के निर्देशानुसार अपनी साधना करता था। गांववाले उसे खाना खिलाते थे। कई वर्षों की साधना के कारण, साधु को सिद्धि (जादुई शक्तियाँ) प्राप्त हुई और वह भविष्य देख सकता था। गांव के लोग अपनी घरेलू समस्याओं के लिए उनसे संपर्क करते थे और साधु एक दयालु व्यक्ति थे तो अपनी सिद्धि का उपयोग करके उनकी समस्या पर मार्गदर्शन एवं समाधान करते थे। इसलिए गाँव वाले साधु का आदर करते थे, लेकिन कुछ लोगों को यह स्वीकार्य नहीं था। इसलिए उन्होंने सभी लोगोंके सामने साधु को झूठा साबित करने के लिए चाल चलने का फैसला किया। उन्होंने मिलकर एक योजना बनाई, और एक युवा लड़के को योजना में उनकी मदद करने के लिए मजबूर किया। सभी गाँव वालों को बुलाया गया, साधु को भी उपस्थित रहने को कहा गया। योजना के तहत वो युवा लड़का एक छोटी सी चिड़िया को अपने हाथों में छुपकर ले आया, उसे दोनों हाथों से पीठ में छिपा कर साधु बोला "मुझे बताया गया है कि, आप सब कुछ जानते हैं। यदि यह सत्य है तो मुझे बताओ कि मेरे हाथ में जो पक्षी है वह मर गया है या जीवित है?" साधु को तुरंत इसमें छिपी हुवी चाल समझ में आ गई। यदि वह कहता है कि पक्षी जीवित है, तो वो लड़का पक्षी को अपने हाथों से मार डालेगा और सबको दिखा देगा कि पक्षी तो मर गया है। और यदि साधु कहता है कि पक्षी मर गया है, तो लड़का अपने हाथ खोलेगा और दिखाएगा कि पक्षी जीवित है। एक उत्तर पक्षी की जान ले लेगा और दोनों उत्तर साधु को झूठा साबित करनेमें सफल रहेंगे। साधु आंक बंद करके कुछ देर सोचता है, अपनी आँखें खोलता है, मुस्कुराते हुए लड़के की ओर देखता है और उत्तर देता है "मेरे प्यारे बच्चे, फिलहाल पक्षी जीवित है। लेकिन वह वैसा ही रहेगा या नहीं, यह आपके ही हाथ में है!" सभी लोग ताली बजाते हैं और साधु को सही उत्तर देने के लिए बधाई देते हैं। लड़का माफ़ी मांगता है और साधु लडके को माफ कर भी देता है।

लेकिन साधु का संदेश हम सभी के लिए बहुत महत्वपूर्ण है। कथा का हाथ मैं छुपाया गया पक्षी हम सब मैं "छिपी हुई क्षमता, हमारे सपने और महत्वाकांक्षाओं" का प्रतिनिधित्व करता है और हम इसे जीवित रखेंगे या इसे मृत बना देंगे, हम सफल होंगे या नहीं, यह पूरी तरह से हमारे हाथ में है, ये साधु का जवाब हमारे लिए एक नया सन्देश देता है ! तो आप क्या करना चाहोगे ?

**।। जय गुरुदेव ।।**

# દિન વિશેષ

## જૂન

| ક્રમ | તારીખ | દિન વિશેષ |
|---|---|---|
| 1 | 1 | વિશ્વ દૂધ દિન |
| 2 | 3 | વિશ્વ સાઇકલ દિન |
| 3 | 5 | વિશ્વ પર્યાવરણ દિન |
| 4 | 7 | વિશ્વ ખાદ્ય સુરક્ષા દિન |
| 5 | 10 | વિશ્વ નેત્રદાન (ચક્ષુદાન) દિન |
| 6 | 14 | વિશ્વ રક્તદાતા દિન |
| 7 | 21 | આંતરરાષ્ટ્રીય યોગ દિન |
| 8 | 21 | વિશ્વ સંગીત દિન |
| 9 | 27 | હેલન કેલર જયંતી |
| 10 | | બકરી ઈદ (ઈદ ઉલ - અઝા) |

## ઑગસ્ટ

| ક્રમ | તારીખ | દિન વિશેષ |
|---|---|---|
| 1 | 6 | હિરોશીમા દિન |
| 2 | 8 | મહાગુજરાત આંદોલન |
| 3 | 8 | હિંદ છોડો આંદોલન દિન |
| 4 | 9 | વિશ્વ આદિવાસી દિન |
| 5 | 10 | વિશ્વ સિંહ દિન |
| 6 | 11 | ખુદીરામ બોઝ પુણ્યતિથિ |
| 7 | 12 | વિક્રમ સારાભાઈ જયંતી |
| 8 | 12 | વિશ્વ હાથી દિન |
| 9 | 13 | વિશ્વ અંગદાન દિન |
| 10 | 15 | સ્વતંત્રતા દિન |
| 11 | 15 | ઈસરો સ્થાપના દિન |
| 12 | 24 | વિશ્વ ગુજરાતી ભાષા દિન |
| 13 | 29 | રાષ્ટ્રીય ખેલ દિન |
| 14 | તિથિ મુજબ | રક્ષાબંધન |
| 15 | તિથિ મુજબ | જન્માષ્ટમી |
| 16 | પારસી કેલેન્ડર મુજબ | પતેતી |

## જુલાઈ

| ક્રમ | તારીખ | દિન વિશેષ |
|---|---|---|
| 1 | 1 | કલ્પના ચાવલા જયંતી |
| 2 | 3 | આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્તિ દિન |
| 3 | 11 | વિશ્વ વસતી દિન |
| 4 | 15 | વિશ્વ યુવા કૌશલ્ય દિન |
| 5 | 16 | વિશ્વ સાપ દિન |
| 6 | 17 | આંતરરાષ્ટ્રીય ન્યાય દિન |
| 7 | 20 | આંતરરાષ્ટ્રીય ચેસ દિન |
| 8 | 21 | ઉમાશંકર જોશી જયંતી |
| 9 | 22 | રાષ્ટ્રીય કેરી દિન |
| 10 | 23 | લોકમાન્ય ટિળક જયંતી |
| 11 | 26 | કારગીલ વિજય દિન |
| 12 | 28 | વિશ્વ હિપેટાઇટિસ દિન |
| 13 | 29 | આંતરરાષ્ટ્રીય વાઘ દિન |
| 14 | | મોહરમ |

## સપ્ટેમ્બર

| ક્રમ | તારીખ | દિન વિશેષ |
|---|---|---|
| 1 | 5 | શિક્ષક દિન (ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જયંતી) |
| 2 | 8 | વિશ્વ સાક્ષરતા દિન |
| 3 | 11 | વિનોબા ભાવે જયંતી (ભૂમિદાન દિન) |
| 4 | 14 | રાષ્ટ્રીય હિન્દી દિન |
| 5 | 16 | વિશ્વ ઓઝોન દિન |
| 6 | 21 | આંતરરાષ્ટ્રીય શાંતિ દિન |
| 7 | 24 | રાષ્ટ્રીય સેવા યોજના દિન (N.S.S. Day) |
| 8 | 28 | વીર ભગતસિંહ જયંતી |
| 9 | 29 | વિશ્વ હૃદય દિન |
| 10 | તિથિ મુજબ | સંવત્સરી |
| 11 | તિથિ મુજબ | ગણેશચતુર્થી |
| 12 | તિથિ મુજબ | ઈદે-મિલાદ |

# રજાની જોગવાઈઓ

**ગેરહાજરી** ૨૯. (૧) રજિસ્ટર થયેલી શાળાનો કોઈ કર્મચારી, સામાન્ય રીતે શાળાના વડાની પરવાનગી પ્રથમ મેળવ્યા વગર, પોતાની ફરજ ઉપર ગેરહાજર રહી શકશે નહિ.

(૨) કટોકટીના પ્રસંગે, જ્યારે તે જરૂરી પરવાનગી મેળવી શકે તેમ ન હોય જ્યારે તેકો તેની ગેરહાજરીનાં કારણોની સૌથી વહેલી તકે ઉપરીને ખબર આપવી જોઈશે.

પરંતુ કોઈ પણ સંજોગોમાં આવી ગેરહાજરી ત્રણ દિવસ કરતાં વધુ ચાલુ રહેવી જોઈશે નહિ.

૩૦. (૧) રજા હક તરીકે માગી શકશે નહિ. યથાપ્રસંગ, શાળાના ઉપરી અથવા સંચાલક સમિતિને રજાની ના પાડવાની અથવા રદ કરવાની મુનસફી રહેશે.

(૨) (ક) વડા શૈક્ષણિક વર્ષમાં વધુમાં વધુ ૧૫ દિવસની મુદત સુધી પરચૂરણ રજા આપી શકશે, પરંતુ તે એવી શરતે કે સામાન્ય રીતે ત્રણ દિવસ કરતાં વધારે ન હોય તેટલા દિવસની પરચુરણ રજા એક સાથે ભોગવી શકાશે અને તે અપવાદરૂપ સંજોગોમાં ફક્ત ૧૦ દિવસ સુધી લંબાવી શકાશે.

(ખ) બે કરતાં વધારે ન હોય તેટલી જાહેર રજા, પરચૂરણ રજાના કોઈ ગાળા સાથે, તેની આગળ કે પાછળ કે આગળ પાછળ એમ બંને સાથે જોડીને ભોગવી શકાશે અને પરચૂરણ રજા અને એકી સાથે સતત ભોગવેલી જાહેર રજાઓની કુલ મુદત, અપવાદરૂપ સંજોગોમાં ૧૦ દિવસ સુધી લંબાવી હોય તે સિવાય, ફક્ત સાત દિવસ કરતાં વધવી જોઈશે નહિ.

(ગ) પરચૂરણ રજા સાથે બે કરતાં વધારે ન હોય તેટલી જાહેર રજાઓ તેની આગળ કે પાછળ જોડી શકાશે અને એવી રીતે આગળ કે પાછળ જોડેલી કોઈ જાહેર રજાઓ બે કરતાં વધે ત્યારે તે પરચૂરણ રજા તરીકે ગણાશે. પરચૂરણ રજાની બે મુદત વચ્ચે આવતા રવિવારો અને જાહેર રજાના દિવસો પરચૂરણ રજાના ભાગ તરીકે ગણાશે.

(ઘ) પરચૂરણ રજા શાળાના ઉપરીની પૂર્વ પરવાનગી સિવાય, સામાન્ય રીતે વેકેશનની સાથે તેની આગળ કે પાછળ જોડી શકાશે નહિ.

---

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૯૮૪/૭, તા.૨૪-૦૫-૨૦૨૧ થી સુધારો આમેજ કર્યો.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦૮૭/૫૭૮૩/(૮૯)/ગ, તા.૧૦-૧૧-૧૯૮૯ થી સુધારો આમેજ કર્યો.

(ચ) ગેરહાજરીની મુદત કામકાજના અર્ધા દિવસ જેટલી હોય અથવા તેના કરતાં ઓછી તો અર્ધો દિવસની પરચૂરણ રજા ભોગવવાની છૂટ આપી શકાશે.

(છ) શનિવાર, જો અર્ધો કામકાજનો દિવસ હોય તો તે દિવસની અથવા જો શાળા બીજા કોઈ દિવસે અર્ધો દિવસ પાળતી હોય તો તે દિવસની ગેરહાજરી અર્ધા દિવસની પરચૂરણ રજા ગણાતી નથી પણ આખા દિવસની પરચૂરણ રજા ગણવાની હોય છે.

(જ) દરેક વર્ષના માર્ચ/એપ્રિલ અને ઓક્ટોબર/નવેમ્બર મહિનામાં બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓના સંબંધમાં પ્રત્યક્ષ કામની પરીક્ષા માટે, પેપર-સેટર, મોડરેટર, પરીક્ષકો વગેરે તરીકેની તેમની નિમણૂકના કારણે ફરજ પરથી ગેરહાજર રહેવાનું જરૂરી હોય તેવી વ્યક્તિઓને પરચૂરણ રજા તેમની પાસે લેણી ન હોય તો ખાસ કિસ્સા તરીકે વેકેશનની આગળ અને/અથવા પાછળ જોડવાની પરવાનગી સાથે, કોઈ વર્ષમાં પંદર દિવસ સુધીની ખાસ પરચૂરણ રજા લેવાની છૂટ આપવી જોઈએ. પરંતુ તે એવી શરતે કે બોર્ડના અધિકૃત અધિકારી એવું પ્રમાણપત્ર આપે કે વ્યક્તિઓની હાજરી પરીક્ષાઓના સંબંધમાં ખાસ દિવસો માટે જરૂરી છે તો.

(૩) (ક) શાળાના કાયમી કર્મચારીને તબીબી પ્રમાણપત્ર પરથી અથવા બીજી રીતે દરેક પૂરા વર્ષની નોકરી માટે ૨૦ દિવસ સુધી અર્ધો પગારની રજા મંજૂર કરી શકાશે. કર્મચારીએ તબીબી પ્રમાણપત્રના આધારે રજા માટે કરેલી દરેક અરજી સાથે રજિસ્ટર થયેલા તબીબી વ્યવસાયીનું પ્રમાણપત્ર સામેલ કરવું જોઈશે અને તેમાં બને ત્યાં સુધી માંદગીનો પ્રકાર અને સંભવિત મુદત સ્પષ્ટપણે જણાવવી જોઈશે.

(ખ) રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી, પોતાના સ્વવિવેકાનુસાર અરજદારની શારીરિક તપાસ કરવાની સિવિલ સર્જનને અથવા જિલ્લા તબીબી અધિકારીને વિનંતી કરીને બીજા તબીબી અભિપ્રાય મેળવી શકશે. બીજો તબીબી અભિપ્રાય મેળવવાનું નક્કી કરવામાં આવે ત્યારે તેણે જે તારીખે પ્રથમ તબીબી અભિપ્રાય આપ્યો હોય તે તારીખ પછી બને તેટલી વહેલી તારીખે, પોતાના ખર્ચે ફરી તપાસ કરવા માટે વ્યવસ્થા કરવી જોઈશે અને અરજદારે મૂળ રજૂ કરેલું તબીબી પ્રમાણપત્ર જે તબીબી અધિકારી તેની ફરી તપાસ કરવાના હોય તેને મોકલવું જોઈશે.

(ગ) અર્ધા પગારની રજા વધુમાં વધુ મુદત એકી સાથે ૧૨૦ દિવસ પૂરતી મર્યાદિત રહેશે.

**સ્પષ્ટીકરણ -**

(૧) આ અર્ધપગારી રજાઓ દર વર્ષે પહેલી જાન્યુઆરી દસ અને પહેલી જુલાઈએ દસ એમ આગોતરી કર્મચારીના રજાના ખાનામાં જમા કરવાની રહેશે.

(૨) નવી નિમણૂકના કિસ્સામાં પ્રથમ છ માસિક ગાળા સુધીના સમયગાળા માટે દર માસ દીઠ પાંચ તૃતિયાંશ (૫/૩) દિવસની રજા જમા કરવાની રહેશે.

(૩) કર્મચારી નિવૃત્ત થાય, અવસાન પામે, રાજીનામું આપે, નોકરીમાંથી બરતરફ કરવામાં આવે કે અન્ય રીતે નોકરીમાંથી સમાપ્ત થાય ત્યારે છેલ્લા છમાસિક ગાળાના સમય માટે દસ આગોતરી રજાને બદલે જેટલા પૂરા માસ માટે ફરજ બજાવી હોય તે બદલ એક માસ દીઠ પાંચ તૃતિયાંશ (૫/૩) દિવસની રજા ગણતરીમાં લેવાની રહેશે. ઉપર મુજબની ગણતરી કરવા માટે દિવસના ભાગ (ફ્રેક્શન)ને બદલે નજીકનો પૂર્ણ દિવસ ગણતરીમાં લેવો અને માસના ભાગ માટે નજીકનો પૂર્ણ માસ ગણતરીમાં લેવો (એટલે કે ૧૫ દિવસથી વધુ દિવસો માટે આગળનો માસ ગણવો.'

(૪) લેણી નીકળતી અર્ધા પગારની રજાની અર્ધી કરતાં વધારે ન હોય તેટલી રૂપાંતરિત રજા નીચેની બાબતોના આધારે મંજૂર કરી શકાશે -

(ક) સિવિલ સર્જનના અથવા રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીએ જણાવેલ રજિસ્ટર થયેલા તબીબી વ્યવસાયીના તબીબી પ્રમાણપત્ર ઉપરથી, અથવા

(ખ) સદરહુ સત્તાધિકારીએ માન્ય રાખેલા કાયદેસરના કારણે, શાળા સમિતિ અથવા સંચાલક નીચેની શરતોને આધીન રહીને મંજૂર કરી શકશે -

(૧) સમગ્ર નોકરી દરમિયાન રૂપાંતરિત રજા વધુમાં વધુ ૨૪૦ દિવસ પૂરતી મર્યાદિત રહેશે,

(૨) રૂપાંતરિત રજા મંજૂર કરવામાં આવે ત્યારે, આવી રજાથી બમણી રજા લેણી નીકળતી અર્ધા પગારની રજા સામે ઉધારવામાં આવશે, અને

(૩) હક રજા અને તેની સાથે લીધેલી રૂપાંતરિત કુલ રજાની મુદત ૨૪૦ દિવસ કરતાં વધવી જોઈશે નહિ.

પરંતુ રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીએ એમ માનવાને કારણ હોય કે કર્મચારી રજા પૂરી થતાં ફરજ ઉપર હાજર થશે નહિ તો રૂપાંતરિત રજા, આ નિયમ હેઠળ મંજૂર કરી શકાશે નહિ.

(૫) એકંદર છત્રીસ મહિના કરતા વધારે ન હોય તેટલા દિવસની વગર પગારની રજા વિનિયમ પ્રમાણે બીજી કોઈ રજા મળવાપાત્ર ન હોય અથવા બીજી રજા મળવાપાત્ર હોય પણ કર્મચારી વગર પગારની રજા મંજૂર કરવા માટે લેખિત અરજી કરે ત્યારે, ખાસ સંજોગોમાં કર્મચારીને તે આપી શકાશે. પરંતુ કાયમી કર્મચારીના દાખલામાં, વગર પગારની રજાની મુદત કોઈ પણ એક પ્રસંગે જ્યારે તે કર્મચારી ક્ષય અથવા રક્તપિત્તની સારવાર લેતો હોય, ત્યારે ૧૨ મહિના અને બીજા કોઈ દાખલામાં ચાર

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૯૧/૨૬૯૦/ગ, તા.૨૦-૦૪-૧૯૯૨ થી સુપારી આમેજ કર્યો.

મહિના કરતાં વધવી જોઈશે નહિ. રજી મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારી રજા વગર ગેરહાજરીની મુદતનું પાછળથી વગર પગારથી રજામાં રૂપાંતર કરી શકશે.

( ૬) (ક) જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતાં વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને જ ૧૮૦ દિવસની પ્રસૂતિની રજા તેમજ પુરુષ કર્મચારીને કે જેને બે કરતાં ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે ૧૫ દિવસની પિતૃત્વની રજા મંજૂર કરી શકાશે.[૧]

(ખ) પેટા-ખંડ (ક) હેઠળ પ્રસૂતિ અંગેની રજાના આરંભ પહેલાં જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય, તેને આવી રજા અર્ધા પગારે મંજૂર કરી શકાશે.

(ગ) પેટા-ખંડ (ક) હેઠળ પ્રસૂતિ અંગેની રજાના આરંભના દિવસે જે મહિલા કર્મચારીએ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે આવી રજા મંજૂર કરાશે.

(ઘ) પ્રસૂતિ અંગેની રજા, રજા ખાતે ઉધારાશે નહિ. પ્રસૂતિ અંગે રજા કોઈ પણ પ્રકારની રજાના અનુસંધાને મંજૂર કરી શકાશે. પરંતુ રજા મંજૂર કરવા માટેની અરજીને તબીબી પ્રમાણપત્ર દ્વારા સમર્થન મળવું જોઈશે.

(ચ) પૂરા પગારની પ્રસૂતિ અંગેની રજા સમગ્ર નોકરી દરમિયાન બે વખત મંજૂર કરવામાં આવશે.

**નોંધ :** આ વિનિમય હેઠળની રજા, કસુવાવડ અથવા ગર્ભપાતની બાબતમાં મળવાપાત્ર છે.

(૭)[૨] (ક) બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને વેકેશન દરમિયાન સરકારી/ બોર્ડની કામગીરી માટે ફરજીયાત રોકવામાં આવે ત્યારે નહીં ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજા જમા કરવા માટે 'સુધારેલા રજાના નિયમો" ના નિયમ-૯ અને નિયમ-૯(એ)ની જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની રહેશે અને તે મુજબ વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને હક્ક રજા (EL) મળવાપાત્ર થશે.

આ પ્રકારની હક્ક રજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે. આવી હક્ક રજા જે તે શૈક્ષણિક વર્ષ દરમિયાન ૩૦ દિવસ કરતા વધે નહીં તે રીતે મંજૂર કરવાની રહેશે.

વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક્ક રજા ૩૦૦ દિવસની થાય કે તરત જ હક્ક રજા પ્રાપ્ત થતી બંધ થશે. (આ જોગવાઈનો અમલ તા.૧-૦૭-૧૯૯૭ થી કરવાનો રહેશે.)

(ખ) (૧) બિન અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહીં પણ નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજોના વર્ષ દીઠ હક્ક રજા મળશે.

---

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦૧૩/૧૭૪/ગ, તા. ૧૦-૧૨-૨૦૧૫ થી સુધારો આમેજ કર્યો.

૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૨૦૦૦/૧૭૯૪/ગ, તા. ૨૩-૦૯-૨૦૦૩ થી સુધારો આમેજ કર્યો.

રાજયની તમામ બિન-સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે કુલ-૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનું રહેશે.

બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ મળી શકશે નહી. પરંતુ તેઓના ખાતે જમા પ્રાપ્ત રજાઓનું નિવૃત્તિ સમયે મહત્તમ ૩૦૦ દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે. (આ જોગવાઈનો અમલ તા.૧-૦૭-૧૯૯૭ થી કરવાનો રહેશે.)

(૨) ઉપરોક્ત મળવાપાત્ર રજાઓ પૈકી દરેક કર્મચારીના રજાના હિસાબમાં દર છ મહિને એટલે કે દરેક વર્ષની પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈના દિવસે ૧૫ દિવસની વર્ષે કુલ ૩૦ દિવસની રજા અગાઉથી જમા કરવામાં આવશે.

(૮) પરચૂરણ રજા સિવાયની કોઈ પણ પ્રકારની રજા બીજા પ્રકારની રજા સાથે કે તેના ( અનુસંધાને મંજૂર કરી શકાશે.

(૯) (ક) અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફનો હંગામી સભ્ય પરચૂરણ અને પ્રસૂતિ અંગેની રજા સિવાયની બીજી કોઈ પગાર સાથેની રજા મેળવવાને હકદાર રહેશે નહિ.

પરંતુ જયારે આવા સભ્યને કાયમી જગા ઉપર કાયમી ધોરણે નીમવામાં આવે ત્યારે, તેણે અગાઉ સતત બજાવેલી ફરજ કાયમી સભ્ય તરીકેની હોય તેમ તે મળવાપાત્ર થઈ હોત તે રજા તેને ખાતે જમા કરી શકાશે.

વધુમાં રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા અધિકારીને એમ માનવાને કારણ હોય કે સંબંધિત સભ્ય અર્ધા પગારની રજા પૂરી થયે ફરજ ઉપર પાછા ફરશે તો દરેક સંપૂર્ણ શૈક્ષણિક વર્ષ માટે ૧૫ દિવસ લેખે અર્ધા પગારની રજા મંજૂર કરી શકાશે.

(૧૦) રૂપાંતરિત રજા સિવાયની ૧૫ દિવસની મુદત સુધીની કોઈ પ્રકારની રજા, હેડમાસ્તર, અધ્યાપકીય અને બિન અધ્યાપકીય સ્ટાફના સભ્યને મંજૂર કરી શકાશે.

(૧૧) હેડ માસ્તર અથવા અધ્યાપકીય અને બિન અધ્યાપકીય સ્ટાફના સભ્યની ગમે તેટલી હક રજા થાય તો પણ ચાલુ હોય તો, શાળામાં ફેરફાર થવાને જ કારણે રદ થશે નહિ.

**રજાના પગારની ગણતરી**

૩૧. (૧) (ક) હક રજા ઉપર હોય તે કર્મચારી જે મહિનામાં રજા શરૂ થાય તેની તરત જ અગાઉના પુરા દસ મહિના દરમિયાન તેણે મેળવેલા સરેરાશ માસિક પગાર અથવા જે ગણતરી કાયમી પગાર માટે તે હકદાર હોય તે કાયમી પગાર, એ બેમાંથી જે વધારે હોય તેના જેટલો રજાનો પગાર મેળવવાને હકદાર રહેશે.

પરંતુ જગાનો અધિક્તમ પગાર દર મહિને રૂ. ૧૧૦ કરતાં વધુ ન હોય

૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૨૦૦૦/૧૭૯૪/ગ, તા.૨૩-૦૯-૨૦૦૩ થી સુધારો આમેજ કર્યો.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૯૧/૮૯૪/ગ, તા. ૧૮-૦૭-૧૯૯૧ થી સુધારો આમેજ કર્યો.

ત્યારે તે કર્મચારી રજા ઉપર ઊતરે તેની તરતજ પહેલાં તેણે મેળવેલા પગાર જેટલો પગાર મેળવવાને હકદાર થશે.

(ખ) અર્ધા પગારની રજા ઉપર હોય તે કર્મચારી કાયમી પગારની અર્ધી રકમ અથવા પેટા-ખંડ (ક) (૨)માં નિર્દિષ્ટ કરેલી અર્ધી રકમ જેટલો રજાનો પગાર મેળવવા હકદાર થશે.

(ગ) રૂપાંતરિત રજા ઉપર હોય તે કર્મચારી પેટા-ખંડ (ખ) હેઠળ મળવાપાત્ર રકમથી બમણી રકમ જેટલો રજાનો પગાર મેળવવા હકદાર રહેશે.

(ઘ) વગર પગારની રજા ઉપર હોય તે કર્મચારી કોઈ પણ રજાનો પગાર મેળવવાને હકદાર રહેશે નહિ.

(૨) કોઈ કર્મચારીને ખાતે જમા નીકળતી રજા તેની તેની નિવૃત્તિની તારીખે રદ થશે, પરંતુ તે તારીખ પહેલાં પૂરતા સમયમાં તેણે રજા માટે વિધિસર અરજી કરી હોય અને શાળાના હિતમાં રજા આપવાની ના પાડવામાં આવી હોય ત્યારે નિવૃત્તિવયની તારીખ પછી અથવા ફેર-નિમણૂકની મુદત સમાપ્ત થયા પછી, વધુમાં વધુ ચાર મહિનાની મુદત સુધીની (Refuse)ના મંજૂર કરેલી રજા મંજૂર કરી શકાશે.

(૩) નિવૃત્તિવય પછી નોકરીમાં ચાલુ રાખેલો કર્મચારી વિનિયમ ૩૦ના ખંડ(૭)માં જણાવેલા દરે તેની નોકરીની વધારેલી મુદત માટે રજા પ્રાપ્ત કરશે, જે તે ફેર-નિમણૂકની વધારેલી મુદત પૂરી થયા પહેલાં ભોગવી શકશે.

(૪) દરેક કર્મચારીની રજાનો હિસાબ નમૂના-૬ મુજબ રાખવામાં આવશે.

(૫) પૂરા અથવા અર્ધા પગારની રજા ઉપર હોય તે કર્મચારી રજાની મુદત દરમિયાન પગાર સાથેની કોઈ નોકરી અથવા મહેનતાણું સ્વીકારી શકશે નહિ.

(૬) (ક) રજા માટેની અથવા રજા લંબાવવા માટેની અથવા વેકેશન પછી રજા ઉપર ઉતરવા માટેની અરજી સામાન્ય રીતે જે તારીખથી રજા લેવા અથવા તે લંબાવવા ધાર્યું હોય તે તારીખની પહેલાં સમયસર કરવી જોઈશે.

(ખ) શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૧-૬-૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એસઈઆર ૧૦૭૪-૫૭૯૫-જીથી કમી કર્યો.

(૭) રજા ઉપર હોય તે કર્મચારીને, મંજૂર કરનાર સત્તાધિકારીની પરવાનગી સિવાય રજા પૂરી થતાં પહેલાં ફરજ ઉપર પાછા ફરવા દઈ શકાશે નહિ.

(૮) વહીવટી જરૂરિયાતના અપવાદરૂપ સંજોગો હેઠળ રજા મંજૂર કરવાની સત્તા અધિકારી, તાકીદની સ્થિતિનો પ્રકાર સમજાવીને રજા ઉપર હોય તે કર્મચારીને ફરજ ઉપર પાછો બોલાવી શકશે અને ફરજ ઉપર પાછા ફરવાની જવાબદારી કર્મચારીને માથે રહેશે. જ્યારે કર્મચારી ફરમાવ્યા પ્રમાણે ફરજ ઉપર હાજર ન થાય ત્યારે તેણે તે ખરેખરા સંજોગોને કારણે ફરજ ઉપર હાજર થઈ શક્યો નથી એવી સદરહુ સત્તાધિકારીને ખાતરી કરાવવી જોઈએ.

# રજાના નિયમો - 1964

## કોડ : 1964 – નિયમ : 73, 74.1 થી 74.21 ગેરહાજર માટે પરવાનગી મેળવવા બાબત

73. સામાન્ય રીતે કોઇપણ કર્મચારી શાળાના વડાની પૂર્વપરવાનગી સિવાય ગેરહાજર રહી શકશે નહિ. કોઈ અણધાર્યા પ્રસંગમાં આગળથી પરવાનગી મેળવવાનું બને તેમ ન હોય ત્યારે તેણે વહેલી તકે પોતાની ગેરહાજરીનું કારણ શાળાના વડાને લખી જણાવવું જોઇએ. શાળાના વડ દરેક કેસના ગુણદોષ વિચારી જરૂરી પરવાનગી આપશે.

74.1 શિક્ષણસંસ્થામાં કર્મચારીઓને નીચેના પ્રકારની રજાઓ મળી શકશે :

(1) પ્રાસંગિક રજા (2) અર્ધપગારી રજા

(3) રૂપાંતરિત રજા (4) અસાધારણ રજા

(5) ચઢેલી રજા (6) પ્રસૂતિરજા (સ્ત્રીઓ માટે)

74.2 ઉપરની કોઈપણ પ્રકારની રજાની માગણી હક તરીકે કરી શકશે નહિ, પોતાને ઠીક લાગે તો રજાની ના પાડવા અથવા રજા રદ કરવા શાળાના વડા અથવા સંચાલકમંડળ મુખત્યાર છે.

74.3 સામાન્ય રીતે એક સમયે એકસામટી વધુમાં વધુ સાત દિવસની પ્રાસંગિક રજા ભોગવી શકાય અને અપવાદરૂપ સંજોગોમાં તે દસ દિવસ સુધી જ લંબાવી શકાય તે શરતને આધીન રહીને. ખાસ અથવા અણધાર્યા સંજોગોમાં વર્ષમાં વધુમાં વધુ 15 દિવસની પ્રાસંગિક રજા મંજૂર કરી શકાય. પ્રાસંગિક રજાની સાથે તેની આગળ અથવા પાછળ અથવા બેય બાજુ જોડીને બેથી વધુ જાહેર રજાઓ ભોગવી શકાય નહિ. પરચૂરણ રજા તથા જાહેરરજા મળીને એક સમયે સળંગ ભોગવેલ કુલ રજા અપવાદરૂપ સંજોગોમાં લંબાવી 10 દિવસની કરવામાં આવી હોય તે સિવાય 7 દિવસ કરતાં વધશે નહિ. પ્રાસંગિક રજાની આગળ અથવા પાછળ અથવા બેય બાજુ જોડવામાં આવેલ બે કરતાં વધારાની જાહેર રજાઓને પ્રાસંગિક રજા ગણવામાં આવશે. પ્રાસંગિક રજાના બે સમય વચ્ચે આવતા રવિવાર અને જાહેર રજાઓને પ્રાસંગિક રજાના ભાગ ગણવા. સંચાલકમંડળની પૂર્વપરવાનગી મેળવીને પ્રાસંગિક રજાને વેકેશન પહેલાં અને પાછળ જોડી શકાશે. ગેરહાજરીનો સમય કામના દિવસનો અર્ધો ભાગ હોય કે અર્ધા કરતાં ઓછો ભાગ હોય તો અર્ધા દિવસની પ્રાસંગિક રજા ભોગવી શકશે. શનિવારના દિવસની ગેરહાજરી અર્ધા દિવસની નહિ પણ આખા દિવસની ગણાશે. શનિવારને દિવસે અર્ધા દિવસની પ્રાસંગિક રજા મળી શકશે નહિ.

74.4 બધા કાયમી કર્મચારીઓ દરેક આખા વર્ષની નોકરી માટે 15 દિવસ સુધીની અર્ધપગારી રજા માટે હક્કદાર છે. આ રજા તેમને ખાનગી કામકાજ માટે અથવા સિવિલ સર્જન અચવા સંચાલકમંડળે સૂચવેલ રજિસ્ટર્ડ વ્યવસાયી તબીબના તબીબી-પ્રમાણપત્ર પર મંજૂર કરી શકશે.

74.6 કર્મચારીને નિયમાનુસાર બીજી કોઈ રજા મળી શકે એમ ન હોય ત્યારે, અથવા બીજી રજા મળી શકે તેમ હોય ત્યારે કર્મચારી અસાધારણ રજા માટે અરજી કરે તો ખાસ સંજોગોમાં અસાધારણ રજા મંજૂર કરી શકાય. રજા મંજૂર કરવાનો અધિકાર ધરાવતા સત્તાધારી રજા લીધા સિવાયની ગેરહાજરીના સમયને અસાધારણ રજા તરીકે પાછળની તારીખથી મંજૂર કરી શકશે. કાયમી કર્મચારીના કિસ્સા સિવાયના કિસ્સામાં અસાધારણ રજાની મુદત કોઈ એક પ્રસંગે સામટી ત્રણ મહિના કરતાં વધશે નહિ.

74.7 શિક્ષકોને ચઢેલી રજા મળવાપાત્ર નથી; પરંતુ જો તેમને પૂરેપૂરા વેકેશનનો લાભ લેવામાં દેવામાં આવ્યો ન હોય, તો પૂરા વેકેશનની સરખામણીમાં તેમણે નહિ ભોગવેલ વેકેશનના દિવસોની સંખ્યાના પ્રમાણમાં પ્રાપ્ત રજા માટે તે હક્કદાર રહેશે. શિક્ષકેતર સ્ટાફના સભ્યો અને જેમને એ મળી શકતી હોય તે શિક્ષકો દર વર્ષે 30 દિવસની ચઢેલી રજા માટે હક્કદાર છે. આવી રજા વધુમાં વધુ 300 દિવસ સુધી ભેગી કરી શકાશે.

74.11 પૂરા પગારે રજા ઉપર જનાર કર્મચારી રજા શરૂ થતાં પહેલાંના દિવસે હોય તે મૂળભૂત પગાર જેટલા રજાપગાર માટે હક્કદાર છે.

74.12 અર્ધપગારે રજા ઉપર જનાર કર્મચારી અર્ધા મૂળભૂત પગાર જેટલા રજાપગાર માટે હક્કદાર છે.

74.14 અસાધારણ રજા ઉપર કર્મચારી કશા રજાપગાર માટે હક્કદાર નથી.

**નોંધ :** મોંઘવારી ભથ્થું રજાપગાર તરીકે અપાતી રકમ માટે મળવાપાત્ર થતું હોય તે દરે ચૂકવવામાં આવશે.

74.15 કર્મચારીની જમા થયેલ રજા તેની નિવૃત્તિવયની તારીખે લુપ્ત થઈ જશે. પરંતુ તે તારીખના ઠીકઠીક સમય પહેલાં જો તેણે રજા માટે વિધિસર અરજી કરી હોય અને શાળાના હિતમાં તે નકારવામાં આવી હોય તો આ નકરાયેલ રજા નિવૃત્તિવયની તારીખ બાદ અથવા નોકરીનો મુદતવધારો પૂરો થયા બાદ આપી શકાશે. નિવૃત્તિવય બાદ નોકરીમાં આગળ ચાલુ રાખવામાં આવેલ કર્મચારીને તેની નોકરીના મુદતવધારાની મુદત માટે આ નિયમો હેઠળ જણાવેલ દરે ચઢેલી રજા મળશે. જે-તે નોકરીની મુંદત દરમ્યાન અથવા શાળાના હિતમાં રજા નકારવામાં આવે તો ત્યારબાદ ભોગવી શકાશે.

74.16 દરેક કર્મચારીએ રજાનો હિસાબ નિયત નમૂનામાં રાખવો જોઈએ.

74.18 પૂરા અથવા અર્ધ પગારે રજા ઉપર જનાર કર્મચારી રજાની મુદત દરમ્યાન પગાર અથવા મળતરવાળી કોઈ નોકરી સ્વીકારી શકશે નહિ અથવા પોતાના માલિકની સ્પષ્ટ પરવાનગી સિવાય કોઈ કામ અથવા કામગીરી સ્વીકારી શકશે નહિ.

74.19 રજા માટેની અથવા રજા લંબાવવા માટેની અરજી સામાન્ય રીતે જે તારીખથી રજા માંગી હોય તેના એક પખવાડિયા પહેલાં કરવી જોઈએ. રજાની મુદત પુરી થયા બાદ અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય ગેરહાજર રહેનાર કર્મચારીની વધારાની રજાની મુદત બિનપગારી રજા તરીકે ગણવાને પાત્ર થશે.

74.20 રજા ઉપર ગયેલ કર્મચારી નોકરીમાં ફરી જોડાઈ જવાની પોતાની ઈચ્છા રજા મંજૂર કરનાર સત્તાધારીને એક અઠવાડિયા પહેલાં જણાવીને રજાની મુદત પૂરી થયા પહેલાં હાજર થવા દેવામાં આવશે નહિ.

74.21 અપવાદરૂપ સંજોગોમાં સંચાલકમંડળે માંદગીની અથવા પ્રસૂતિરજા સિવાયની બીજી રજા પર ગયેલ કર્મચારીને અણધાર્યા તાકીદના પ્રસંગનો ખ્યાલ આપીને ફરજ પર પાછા બોલાવી શકશે તથા તેની સૂચના પ્રમાણે કર્મચારી ફરજ પર પાછા ફરવા બંધાયેલ રહેશે. પણ જો કર્મચારીથી ફરજ પર પાછા ફરી શકાય તેમ ન હોય તો તેણે પોતાની અશક્તિના ખરાપણાની સંચાલક મંડળને ખાતરી કરાવવી જોઈએ.

# રજા સંક્ષિપ્તમાં

| | | | | |
|---|---|---|---|---|
| 1. પરચૂરણ રજા (C.L.)<br><br><br><br><br><br>સ્પે. સી.એલ. (પરીક્ષા સંચાલન, સુપરવિઝન માટે ડી. એલ. મળે.) | બધા જ પ્રકારના હંગામી, અજમાયશી, કાયમી શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓ [વિનિયમ-30(2)(ક), વિનિયમ-30(9)(ક)]<br>પેપરસેટર, મોડરેટર, પરીક્ષક તરીકેની કામગીરી માટે | શાળાના આચાર્ય [વિનિયમ-30(2)ક)]<br><br><br><br><br>આચાર્ય વિનિયમ 30(2)(જ) | બધા પ્રત્યેક શૈક્ષણિક વર્ષમાં 15 [વિનિયમ 30(2)(ક)]<br><br><br><br>પરચૂરણ રજા જમા ન હોય તો 15 સુધી | 1. એક સાથે 3. અપવાદરૂપ પ્રસંગે 10 સુધી.<br>2. બેથી વધુ જાહેર રજાઓ આગળ પાછળ જોડી શકાય નહીં.<br>3. આચાર્યની પરવાનગી સિવાય વેકેશન સાથે જોડી શકાય નહીં.<br>4. નિયમિત આખા દિવસની કે અડધા દિવસની મળી શકે. શાળા અડધો દિવસ ચાલી હોય, તો પણ સી.એલ. આખા દિવસની ગણાય. [વિનિયમ 30(2) (ખ) થી (છ)] |
| 2. અર્ધપગારી રજા (માંદગીની રજા) HPL | માત્ર કાયમી કર્મચારીને [વિનિયમ 30(3)] (જો કે કર્મચારી પાછો નોકરી પર આવશે તેમ સંચાલકમંડળને વિશ્વાસ હોય તો 20 લેખે અર્ધપગારી રજા હંગામી, અજમાયશી કર્મચારીને પણ આપી શકાય. [વિનિયમ 30(9)નો પરંતુક 2] | 15 દિવસ સુધીની આચાર્ય, એથી વધુ શાળાસમિતિ કે સંચાલકમંડળ [વિનિયમ 30(10)] | નોકરી કર્યાના પ્રત્યેક વર્ષ માટે 20 દિવસની અર્ધપગારી (=10 પૂરી) એક સાથે વધુમાં વધુ 120 દિવસ અર્ધપગારી (=60 દિવસની પૂરી) [વિનિયમ 30(3)(ક) (ખ)(ગ)] | 1. સામાન્ય રીતે તબીબી સર્ટિફિકેટને આધારે અથવા બીજી રીતે.<br>2. આર.એમ.પી.ના સર્ટિફિકેટ સાથે માંદગીનું સ્વરૂપ અને સંભવિત સમયમર્યાદાની જાણ કરતી અરજી કરવી.<br>3. સંસ્થાને જરૂર જણાય તો પોતાને ખર્ચે પ્રથમ દાક્તરી અભિપ્રાય પછી સત્વરે સિવિલ સર્જનનો અભિપ્રાય મેળવી શકે. [વિનિયમ 30(3)(ક)(ખ)] |
| 3. રૂપાંતરિત રજા [Comm-uted leave) CML | માત્ર કાયમી કર્મચારીને | શાળા સમિતિ કે સંચાલક મંડળ | વિનિયમ 30(3)(ગ) પ્રમાણે અર્ધપગારની રજાઓ એકી સાથે 120 દિવસની મર્યાદામાં ભોગવી શકાય. એ જોતાં 60 દિવસની રૂપાંતરિત રજા એકી સાથે ભોગવી શકાય. | 1. સંચાલકમંડળે જણાવેલ આર.એમ. પી. કે સિવિલ સર્જનના પ્રમાણપત્રના આધારે મંડળ મંજૂર રાખે તેવા કોઈ વાજબી કારણે નોકરીના સમગ્ર સમય દરમિયાન 300 દિવસથી વધુ નહિ. હક્કરજાઓ સાથે ભેગી કરીને એક સાથે 300 દિવસથી વધુ ભોગવી શકાય નહિ. કર્મચારી પાછા નોકરીમાં આવશે એમ માનવાને કારણ હોય ત્યારે જ આ રજાઓ મંજૂર કરી શકાશે. [વિનિયમ 30(4)] |

| | | | | |
|---|---|---|---|---|
| 4. બિનપગારી રજા (Extra ordinary leave) LWP | અન્ય કોઈ પ્રકારની રજા ઉપલબ્ધ ન હોય ત્યારે બધા જ હંગામી, અજમાયશી, કાયમી શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીઓને. | 15 દિવસ સુધીની આચાર્ય, એથી વધુ સંચાલક મંડળ [વિનિયમ-30(10)] | વધુમાં વધુ 36 માસ. કાયમી ન હોય તેવા કર્મચારીને એકીસાથે ટી.બી. કે એપીલેપ્સીની સારવારમાં 12 માસ અને અન્ય કારણે 4 માસથી વધુ નહિ. [વિનિયમ 30(5)] | 1. રજા વગરની ગેરહાજરી સંચાલક મંડળ બિનપગારી રજા ગણી શકશે.<br>2. આ રજાઓનો પગાર મળશે નહીં. [વિનિયમ 30(1) (ઘ)] |
| 5. પ્રસૂતિની રજા (Maternity leave) M.L. | પ્રસૂતિ અપેક્ષિત હોય તેવા એક વર્ષની નોકરી પૂરી કરી હોય તેવી મહિલા કર્મચારીને પ્રસૂતિ, કસૂવાવડ અથવા ગર્ભપાતના પ્રસંગે. [વિનિયમ 30(6)(ક)] | સંચાલક મંડળ | શિક્ષણ વિભાગના તા. 01-10-2014ના ઠરાવથી 180 દિવસની પ્રસૂતિની રજા મળવાપાત્ર છે. (શિક્ષણક સહાયકને મળવાપાત્ર) શિ. વિ. તા. 20-10-22ના ઠરાવ ક્ર. બમશ-1013/174/ગ, સચિવાલય, ગાંધીનગર | 1. એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેને જ મળે [30(6)(ક)]. બે વર્ષ કરતાં ઓછી નોકરી પૂરી કરી હોય તેને અર્ધપગારી આ રજા મળે. [30(6)(ઘ)]. સમગ્ર નોકરી પૂરી હોય તેને પૂરા પગારે આ રજાઓ મળે. [30(6)(ઘ)] સમગ્ર નોકરીના ગાળા દરમિયાન પૂરા પગારે બે જ વખત પ્રસૂતિની રજાઓ મળી શકે. [30(6)(ચ)]. હંગામી કર્મચારીને પણ પ્રસૂતિની રજા મળી શકે. [વિનિયમ 30(9)] |
| પિતૃત્વની રજા P.L. | પુરુષ કર્મચારીને બે કરતા ઓછા બાળકો હયાત હોય તેને પત્નીની દેખરેખ માટે [વિનિયમ 30(7)(ક)] | સંચાલક મંડળ | શિ.વિ.ના તા. 08-03-1999ના ઠરાવથી વિ. 30(6)(ક) પ્રમાણે 15 દિવસની પિતૃત્વની રજા મળવાપાત્ર છે. | |
| 6. હક્કરજા [Earned Leave) E.L. | વેકેશનમાં કામ કર્યું હોય તેવા શૈક્ષણિક કર્મચારીને તથા બધાં જ પ્રકારના હંગામી, અજમાયશી, કાયમી બિનશિક્ષક કર્મચારીને [વિનિમય 30(7)(ક)(ખ)] અને શિક્ષણ વિભાગના તા. 17-04-1989ના ઠરાવ અનુસાર આચાર્ય (પ્રથમ આચાર્ય) નોન-વેકેશન સ્ટાફમાં મૂકતાં બિન-શૈક્ષણિક સ્ટાફ મુજબ રજા મળવાપાત્ર. | 15 દિવસ સુધીની આચાર્ય. તેથી વધુ સંચાલક મંડળ. [વિનિયમ 30(10)] | શિક્ષક કર્મચારીને શૈક્ષણિક વર્ષમાં 30 દિવસની મર્યાદાને આધીન રહીને વેકેશનમાં કામ કર્યું હોય તેટલા દિવસની : આચાર્ય. (પ્રથમ આચાર્ય) બિનશૈક્ષણિક કર્મચારીને નોકરી પૂરી કર્યાના પ્રત્યેક વર્ષ દીઠ 30) | 1. હક્કરજાઓ ભોગવી ન હોય તો જમા થઈ શકે છે. 300 દિવસની હક્કરજા જમા થયા પછી નવી હક્કરજાઓ જમા થઈ ન શકે. [વિનિયમ 30(7) (ક) (ખ)ના પરંતુકો] |

| | | | | |
|---|---|---|---|---|
| 7. વળતર (વિનિયમમાં સમાવેશ નથી.) ખાસ રજા SPL | જો જાહેર રજા કે રવિવારના દિવસોમાં ફરજ સમયગાળામાં સરકારી/બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે કર્મચારીને<br>જિલ્લા કક્ષાના હોદ્દેદારોને | આચાર્ય/સંચાલક<br>આચાર્યસંચાલક | કામના દિવસો જેટલા દિવસોની રજા મળવાપાત્ર થાય છે. આ પ્રકારની રજા સર્વિસબુકમાં જમા લેવાની કે ઉધારવાની થતી નથી.<br>અંગ્રેજી કેલેન્ડર મુજબ 10 દિવસ | સામાન્ય રીતે આ રજા જે-તે શૈક્ષણિક વર્ષ / પછીના વર્ષમાં ભોગવી લેવાની હોય છે.<br>સંગઠનના કાર્ય માટે |
| 8. ફરજ પરની રજા (D.L.) | તમામ કર્મચારીને | આચાર્ય/સંચાલક | કાર્યદિવસ મુજબ | શાળા સિવાય જે સ્થાને ચાલુ દિવસે હાજરી આપેલ હોય અને હાજરી પ્રમાણપત્ર મેળવેલ હોય તેમને |

## બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ, સચિવાલય, ગાંધીનગર
તા. 20/10/2022

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૩/૧૭૪/ગ.

(૨) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ).

**આમુખ :**

શિક્ષણ વિભાગના તા.૨૧/૦૩/૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂંક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને તા.૧૩/૧૧/૨૦૧૪ના નાણા વિભાગના જાહેરનામા મુજબની તારીખ એટલે કે તા.૦૧/૧૦/૨૦૧૪ થી ૧૮૦ દિવસની પ્રસૂતિ રજાનો

લાભ આપવામાં આવેલ છે. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪ની જોગવાઈઓ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થાય છે. આ વિનિયમના વિનિયમ ક્રમાંક-૩૦(૬)(ક)માં થયેલ જોગવાઈ મુજબ જે મહિલા કર્મચારીએ એક વર્ષ કરતા વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળક હયાત ન હોય તેવી મહિલા કર્મચારીને ૧૮૦ દિવાની પ્રસૂતિ રજા આપવાની જોગવાઈ થયેલ છે. વિનિયમ કમાંક-30(૬)(ખ) મુજબ પ્રસૂતિ રજાના આરંભ પહેલા જે મહિલા કર્મચારીએ બે વર્ષ કરતાં ઓછી નોકરી કરી હોય, તેને આવી રજા અર્ધા પગારે અને 30 (૬)(ગ) મુજબ બે વર્ષની અથવા બે કરતાં વધારે વર્ષની નોકરી કરી હોય તેને પૂરા પગારે પ્રકૃતિ રજા મળવાપાત્ર થાય છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવથી બે કે તેથી વધુ જીવિત બાળકો ધરાવતા ન હોય તેવા કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ, તેણી જે તારીખથી માતૃત્વ રજા પર જાય તે તારીખથી એકસો એંસી દિવસના સમયગાળાની માતૃત્વ રજા મળવાપાત્ર થવાનું ઠરાવેલ છે તથા આવી માતૃત્વ રજા તેણીના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે નહિ અને તેણીને મળવાપાત્ર રજાનો પગાર, તેને રજા પર જતા તરત પહેલા જે પગાર મળતો હોય તની બરાબર રહેશે તેવી જોગવાઈ થયેલ છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની જોગવાઈઓ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન રારકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ(ફિક્સ પગાર અને નિયમિત નિમણૂંક)ને પ્રસ્તુત ઠરાવના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવની જોગવાઈઓ લાગુ પાડવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ,૧૯૭૪માં જરૂરી સુધારો કરવાની કાર્યવાહી છ શાખાએ સત્વરે કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા કમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે.ટી. બાંધણીયા)**
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

240 ના બદલે 300 રજાનો રોકડમાં રૂપાંતરનો સરકારી ઠરાવ

## Enhancement of Quantum of accmulation of Earned Leave and Encashment of Earned Leave

Govt. of Guj., F.D. Res. No.: PGR/1098/20/M,
Sachivalaya, Gandhinagar. Dt. 19-2-198

**Read :** (1) G.R.F.D. No.: PCR/1086/1802/1/M, DI. 1-12-'86.

(2) G.R.F.D. No.: PCR/1086/2883/S/M, Dt. 1-1-'87.

(3) નાણાં વિભાગનો સરકારી ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5, તા. 1-7-'91.

(4) Govt. of India, Ministry of Personal, Public Grievances & Pensions, Dept. of Personnel & Training, New Delhi Office Memorandum No.: 14028/7/87/Estt. (L), DI, 710-'97

(5) નાણાંવિભાગનો સરકારી ઠરાવક્રમાંક : પગર-1098-1-મ, તા. 7-1-'98.

**RESOLUTION :**

On the basis of Government of India's order referred to above Government is pleased to issue the following, modifications in the existing Revised Leave Rules, 1935 :

(a) The existing celing of 240 days on accumulation of camed leave provided under Government Resolution, Finance, Department No.: PCR-1086- 1M, Dt.1-12-86, shall be enhanced to 300 days.

(b) The existing celing of 240 days for availing of the benefit of encashment of unutilised earned leave at the credit of Government servant provided under Government servant provided under Government Resolution, Finance Department No.: PCR/1086/2883-4-M, Dt. 1-1-'87 shall be increased to 300 days in respect of the following categories :

(i) retirement on attaining the age of superannuation:

(ii) case where the service of a Government servant has been extended, in. the Interest of public service, beyond the date of retirement on superannuation:

(iii) voluntary retirement;

(iv) pre-mature retirement;

(v) where the services of a Government servant are terminated by notice or be payment of pay and allowances in lieu on notice, or otherwise in accordance with the terms and conditions of this appointment:

(vi) in the case of death of Government servant while in service, to the family of the deceased;

(vii) on absorption of a Government servant in the state public sector undertaking/ autonomous: body wholly or substantially allowed or controlled by the Central/State Government.

(c) Government servant who resigns or quits service shall be entitled to cash equivalent in respect of Earned Leave at credit on the date of cessation of service to the extent of half of such leave at this credit subject to a maximum of 150 days.

* * *

## જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સંઘોના હોદેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ઉમશ-૧૨૮૪-૧૭૭૨૯-ગ-૧,

સચિવાલય, ગાંધીનગર તા. ૨-૧-૮૭

**વંચાણમાં લીધા :**

(૧) સરકારના સા. વ. વિભાગના તા. ૩-૮-૭૭ ના ઠરાવ ક્રમાંક : કમમ-૧૦૭૭-૬

(૨) ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળનો તા. ૪-૮-૮૬ નો જાવક ક્રમાંક : ૧૧૧/૮૫-૮૬

**ઠરાવ :**

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના આમુખ (૨) માં દર્શોલ તા. ૪-૮-૮૬ ના પત્રથી જિલ્લા કક્ષાના માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના સંઘના હોદેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત વિચારણામાં લઈ જિલ્લા કક્ષાનતી માન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓના માન્ય મંડળો/ સંઘોના હોદેદારોને રાષ્ટ્રીય રાજય કે જિલ્લા કક્ષાએ સેમિનાર (પરિષદ) તેમજ મંડળ/ સંઘને લગતી બેઠકો (પરિષદ) અને બીજી પ્રવૃતિઓમાં હાજરી : આપવા આખા અંગ્રેજી કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ દસ(૧૦) દિવસની ખાસ પ્રાસંગિક રજા નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારની રજાઓ જે તે શિક્ષણાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે

શિક્ષક/ કર્મચારીને સામાન્ય પ્રાસંગિક રજા મંજૂર કરવાની સતા ધરાવતા શાળના આચાર્યશ્રી અથવા સંચાલક મંડળે મંજૂર કરવી અને આ બાબતે મતભેદ પડે તો જે તે જિલ્લાના જિલ્લા

(૧) આ પ્રકારની ખાસ પ્રાસંગિક રજા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીએ માન્ય કર્યો હોય તેવા જ જિલ્લા કક્ષાના /સંધોના હોદેદારોને મળવાપાત્ર થશે.

(૨) કોઈપણ હોદેદારોને એકી સાથે જુદા જુદા માન્ય મંડળો/ સંઘોમાં એક કરતાં વધુ હોદા પર હોય છતાં પણ તેને આખા અંગ્રેજી વર્ષમાં (૧૦) દસ દિવસથી વધુ ખાસ પ્રાસંગિક રજા મળી શકશે નહિ.

(૩) કોઈપણ હોદેદારોને જે તે વર્ગના કર્મચારીઓની નોકરી અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે ખાસ પ્રાસંગિક રજા આપવામાં આવશે નહિ, પરંતુ તે પરિષદ કે સેમિનાર માત્ર શૈક્ષણિક હેતુ માટે હોય તો જ ખાસ રજા મંજૂર કરવામાં આવશે.

(૪) કોઈપણ હોદેદારોને મંડળના કામે બેન્કમાં જવા માટે, હિસાબો તૈયાર કરવા ઓડિટ તૈયાર કરાવવા મંડળનુ લવાજમ ઉઘરાવવા તથા મંડળની ચૂંટણી અંગેની કામગીરી પૂરી કરવા કે શાળાના સમય બાદ પણ હાથ ધરી શકાય તેવી અન્ય કોઈ પ્રવૃતિઓ માટે આ સવલતને આધારે ખાસ પ્રાસંગિક રજા મળવાપાત્ર થશે નહિ.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
**મ. દિ. પંડયા,**
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

* * *

## જોડિયા બાળકો સમેત ત્રણ બાળકોના કિસ્સામાં રજા પ્રવાસ રાહત

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં : મસ-૧૦૯૫-૯૬૫-૪,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮-૯-૯૫

**ઠરાવ :**

તા.૧-૫-૧૯૮૬ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓ ને જો બેથી વધુ જીવીત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭-૭-૮૯ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓને જો બે થી વધુ જીવિત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ રજા પ્રવાસ રાહતના લાભ મળવાપાત્ર નથી.

જોડિયા બાળકોને કારણે જ કર્મચારીઓના જીવિત બાળકોની સંખ્યા બેથી વધી જતી હોય તેવા કિસ્સામાં કર્મચારીને રજા પ્રવાસ રાહતનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વક વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે તા. ૧-૪-૮૯ કે ત્યારબાદ જોડિયા બાળકોના જન્મના કારણે જીવિત બાળકોની જોગવાઈમાં છૂટછાટ મૂકીને રજા પ્રવાસ રાહતનો લાભ (રજા પ્રવાસના રોકડમાં રૂપાંતર સાથે) મંજૂર કરી શકાશે.

રજા પ્રવાસ રાહત અંગેના આ પ્રકારના બાકી કેસો આ હુકમો મુજબ નિયમિત કરવાના રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા( ઈ.એલ.) અંગે.**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ક્રમાંક : મશબ-ગ-૧-ટે.૬-૧૫૮૭૩-૫૦૭

સેકટર-૧૦બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર તા. ૧-૫-૨૦૦૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ) ગુજરાત રાજય.

**ઠરાવ : વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર રજા (ઈ.એલ.) બાબતે.**

**સંદર્ભ :** માધ્યમિક શિક્ષણ સંઘની તા.૩૦-૪-૨૦૦૨ની રજુઆત અન્વયે.

ઉપરોકત વિષય સંબંધમાં જણાવવાનું કે, વેકેશન ભોગવતા શૈક્ષણિક કર્મચારીઓને વેકેશન દરમ્યાન સરકાર કે બોર્ડની કામગીરી માટે રોકવામાં આવે ત્યારે પ્રાપ્ત રજાઓ અંગેની જોગવાઈ અન્વયે નીચે દર્શાવ્યા મુજબ ગણતરી કરીને મળવાપાત્ર પ્રાપ્ત રજા મંજૂર કરવાની રહેશે. આ પ્રકારની રજા ઓછામાં ઓછી એક વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીને જ મળવાપાત્ર થશે.

વેકેશનના સરકારી/ બોર્ડની કામગીરી માટે રોકવામાં આવેલ શિક્ષકોને તેમણે વેકેશન દરમ્યાન ખરેખર બજાવેલ ફરજના દિવસોની સંખ્યાના એક તૃતીયાંશ(૧/૩) જેટલા દિવસો પ્રાપ્ત રજા (ઈ.એલ.) તરીકે મળવાપાત્ર થશે.

ઉપરોકત જોગવાઈ અન્વયે કર્મચારીને પૂર્ણ દિવસની પ્રાપ્ત રજા (ઈ.એલ.) મંજૂર કરવાની રહેશે. ૫૦ કે તેથી વધુ સંપુર્ણ દિવસ માટે એક દિવસ પૂર્ણ રહેશે. જયારે ૫૦ થી ઓછા દિવસની ગણતરી કરવાની રહેશે નહિ.

આ અંગેની જાણ આપના તાબા હેઠળની માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ કરવા જણાવવામાં આવે છે.

**સહી, ડૉ. જી. કે. પટેલ**
સચિવ,
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

* * *

**બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહિલા શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોની પ્રસૂતિ રજા અંગે.**

શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ/ ૧૧૨૦૦૨/૧૦૯૨/ગ,

સચિવાલય, ગાંધીનગર, તા.૫/૨/૨૦૦૫

**વંચાણમાં લીધા :**

(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર/૧૦૯૮/૧૭/મ, તા.૮-૨-૯૮.

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૮/૨૩૦૯/પાર્ટ-૨/ગ,તા.૮-૩-૯૯.

(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૨)-ગ, તા.૨-૭-૯૯.

(૪) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, પત્ર ક્રમાંક : ધ/૨/બમશ/ માધ્ય./પ્ર.૨/૨૦૦૧-૦૨, તા. ૮-૪-૨૦૦૨

(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૯૯/ઈએમ/૧૦૭૩/ક, તા.૨૨-૧૦-૨૦૦૩

**ઠરાવ :**

ઉપર આમુખમાં સંદર્ભ ક્રમાંક (૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૮-૩-૯૯ ના ઠરાવથી રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા કર્મચારીઓને પ્રસુતિ ની રજા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને સંદર્ભ ક્રમાંક : (૩) માં જણાવેલ શિક્ષણ વિભાગ ના તા. ૨-૭-૯૯ ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉપર સંદર્ભ (૫) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૨-૧૦-૦૩ ના ઠરાવની જોગવાઈઓ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓને આધીન મહિલા શિક્ષણ સહાયકો, મહિલા વહીવટી સહાયકો અને મહિલા સાથે સહાયકોને પ્રસુતિની રજા મંજૂર કરવાનુ આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૮-૧-૨૦૦૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી,

**મનહર આર. ચૌધરી**

સેકશન અધિકારી,

વિભાગ

## બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને ડયુટી લીવ (ડી.એલ.) મંજુર કરવા અંગે.

ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/ગ/ટ-૬/૧૬૬૬-૭૭૫
સેકટર-૧૦બી, સચિવાલય પાસે, ગાંધીનગર તા.૧૫-૨-૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ)
ગુજરાત રાજય.

**વિષય : ડયુટી લી(ડી.એલ.) મંજૂર કરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભ દર્શિત ઠરાવથી નકકી થયા મુજબ રાજયની નોંધાયેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સંવૈધાનિક રીતે રચાયેલી શિક્ષણ સમિતિમાં કોઈ હોદો ધરાવતા હોય અથવા સરકાર માન્ય યુનિવર્સિટીમાં સિન્ડિકેટ/સેનેટ સભ્ય તરીકે પોતાની સેવાના સંવર્ગમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા હોય અને હોદાની રૂએ તેમણે બજાવવાની કેટલીક કામગીરી માટે અથવા જાહેર હિતના કાર્યક્રમમાં હોદાની રૂએ હાજરી આપવાની થતી હોય ત્યારે તેટલા સમય પૂરતી ડયૂટી લી (ડી.એલ) મંજુર કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે.

ઉપરોકત જણાવેલ સંજોગોમાં આ પ્રકારનો હોદો ધરાવતા કર્મચારીને ડયુટી લીવ મંજૂર કરવા જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

**સહી,**
**વી.બી. નાણાવટી**
સચિવ, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

* * *

## બોર્ડની જાહેર પરીક્ષાની "મધ્યસ્થ મૂલ્યાંકન"ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતર રજા મંજૂર કરવા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંક: મઉમશબ/ગ/ટ-૬-૧૪૬૯/૧૫૫૮
સેકટર ૧૦-બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫-૨-૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષય: બોર્ડની જાહેર પરીક્ષાની 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતર રજા મંજૂર કરવા અંગે.**

**સંદર્ભ :** (૧) બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવકમાંક : ૨૮૭/૨૦૦૪, તા.૨૮-૯-૦૪

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ચાલુ શાળા દરમ્યાન 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને રવિવાર અને જાહેર રજા દરમિયાન કરેલ કામગીરીની રજા આપવા બાબતે બોર્ડની તા.૨૮-૯-૦૪ ની કારોબારી સમિતિમાં બાબત રજૂ કરવામાં આવી હતી. સમિતિના ઠરાવકમાંક ૨૮૭/૨૦૦૪ અન્વયે બોર્ડની જાહેર પરીક્ષાના 'મધ્યસ્થ મૂલ્યાંકન' ની કામગીરી માટે જાહેર રજા અને રજાના દિવસોએ કામગીરી કરનાર કર્મચારીને વળતર રજા આપવાનું ઠરાવવામાં આવ્યુ છે, તો તે પ્રમાણેની જાણ આપના તાબા હેઠળની શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**નોંધ :** રવિવાર અને જાહેર રજામાં જેટલા દિવસ કામ કર્યું હોય તેટલા દિવસની વળતર રજા મળવાપાત્ર થાય પરંતુ વળતર રજા જે તે અથવા પછીના જ શૈક્ષણિક વર્ષમાં જ ભોગવી લેવાની રહે રજાને સર્વિસબુકમાં રજાના હિસાબમાં ઉધારવાની નથી જેની ખાસ નોંધ લેવી. છે.

**સહી,**
**વી.બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને
ઉ.મા. શિક્ષણ બોર્ડ

* * *

**બિનસરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો સંસદસભ્ય/ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હોય તે સમય દરમિયાનની ખાસ રજા અંગે**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવક્રમાંક : બમશ-1390/ધારા/42-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 6-8-'91

**વંચાણે લીધો :** શિક્ષણ વિભાગનો તા. 3-8-80 નો ઠરાવક્રમાંક : પરચ-1586/28285-ખૂ

**ઠરાવ :**

રાજયની યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી સંલંગ્ન કૉલેજોમાં સેવા આપતા શિક્ષકો સંસદસભ્ય/ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા સંસદ/વિધાનસભામાં ઉપસ્થિત રહેવા અને સંસદ/વિધાનસભાની સમિતિની બેઠકમાં હાજરી આપવા જેટલા સમય માટે ઉપસ્થિત રહે તેટલા સમય માટે યુનિવર્સિટી/ કોલેજમાં

ખાસરજા મંજૂર કરવાની શરતોએ મંજૂરી ઉક્ત તા. 3-8-'90 ના ઠરાવથી આપવામાં આવી છે : ઉક્ત ઠરાવથી જોગવાઈઓ બિનસરકારી માધ્યમિક શાળા/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને લાગુ પડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. યોગ્ય વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે, કે રાજ્યની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક કે જે સંસદસભ્ય/ધારાસભ્ય તરીકે ચૂંટાય તેઓ સંસદ/વિધાનસભામાં ઉપસ્થિત રહે અને સંસદ/વિધાનસભાની સમિતિઓની બેઠકમાં હાજરી આપે તેટલા સમયની શિક્ષક તરીકેની શાળામાંની ગેરહાજરી ખાસ રજા તરીકે મંજૂર કરવાનું એ શરતે ઠરાવવામાં આવે છે કે આવી હાજરી દરમિયાન પગાર, ભથ્થા વગેરે એક જ સ્થળેથી મેળવવાનાં રહેશે. આવા શિક્ષકોએ તેમને સોંપેલ શૈક્ષણિક કાર્ય પૂરું કરવાનું રહેશે, અને ગેરહાજરીના કારણે બાકી રહેલું શૈક્ષણિક કાર્ય પૂરું કરવા માટે કોઈ વધારાનું મહેનતાણું ચૂકવવાપાત્ર થશે. નહિદ ભુદ સુ રન્દ્ર 13 આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 18-7-91ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી,**
**એમ. આર. સોની**
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

* * *

## બોર્ડની જાહેર પરીક્ષાની કામગીરી કરનાર શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓની વળતર રજા મંજૂર કરવા અંગે

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/ગ/ટે. 1/7029/7120
સેક્ટર-10બી, સચિવાલય પાસે, ગાંધીનગર,
તા. 24-7-07

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)

ગુજરાત રાજય.

**વિષય : બોર્ડની જાહેર પરીક્ષાની કામગીરી કરનાર શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓની વળતર રજા મંજૂર કરવા બાબત.**

સંદર્ભ :

(1) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ટે.6/1469/1558, તા. 15-2-05.

(2) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.6/2976/3001, તા. 24-3-05.

(3) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે. 6/4860/4959, તા. 16-5-05.

(4) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/3093/3175, તા. 28-4-06.

(5) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.6/3849/74, તા. 23-5-06.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ શાળા દરમિયાન બોર્ડની જાહેર પરીક્ષાનાં "મધ્યસ્થ મૂલ્યાંકન"ની કામગીરી કરનાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કચેરીઓને રવિવારે અને જાહેરરજાના દિવસ દરમિયાન કરેલ કામગીરી માટે વળતરરજા આપવાનું અગાઉ નિર્દેશિત પત્રોથી નક્કી થયેલ છે. આ વળતરરજા જે તે વર્ષ અથવા કામગીરીના વર્ષ પછી તરતના શૈક્ષણિક વર્ષ દરમિયાન ભોગવી શકશે. વળતરરજાને સર્વિસબુકમાં રજાના હિસાબમાં ઉધારવાની રહેતી નથી. જેની ખાસ નોંધ લેવી.

**સહી,**
**વી. બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને
ઉ.મા. શિક્ષણ બોર્ડ

* * *




ડાહ્યો સૂતી વખતે પોતાની મુસીબતો ગજવામાં જ મૂકી દે છે.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

<u>અમારા અન્ય સોફ્ટવેર</u>

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of $10^{th}$ & $12^{th}$
Message from Principal ( Appeal )
*Message from President or Managing Trustee ( Appeal )*
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

**WEBSITE**

**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
**602/603-A, Shapath-1, Opp.Rajpath Club**
**S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)**
**(M) : 9825847773/7600001219**
**(Ph): 079 - 26870704, 079 - 40054004**



ગુજરાત રાજ્યના આચાર્ય માટે ગૌરવંતી ઘટના શ્રી વિષ્ણુભાઈ પટેલ (પૂર્વ સારસ્વત સંપાદક)ના નિવૃતિ સન્માન સમારંભમા શાળા સંચાલક મંડળ દ્વારા તેઓને ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ) રૂપિયા પુરસ્કાર સ્વરૂપે એનાયત કર્યા... તે બદલ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ નિશાન હાઈસ્કૂલના ટ્રસ્ટી ગણનો હાર્દિક આભાર માને છે

**સંસદ - કારોબારી સભા તારીખ : ૨૨/૦૬/૨૦૨૪**
**સ્થળ : ડી કે પટેલ હોલ, નવરંગપુરા, અમદાવાદ**









SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023 Published on 28th Day of Every Month



આપણા પ્રમુખશ્રી ભાનુભાઈ પટેલનું ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના અધ્યક્ષશ્રી ભાસ્કરભાઈ રા. પટેલ દ્વારા સન્માન



માનનીય શ્રી વિનોદ રાવ સાહેબનું ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા અભિવાદન



ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા અને અમરેલી જિલ્લા આચાર્ય સંઘના મહામંત્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સેનેટ મેમ્બર, તેમજ અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ અને જનતા વિદ્યાલય, વડેરાના આચાર્યશ્રી મુકુંદભાઈ મહેતાની ફી અધિનિયમન કમિટિ (FRC) રાજકોટ ઝોનના સભ્ય પદે રાજ્ય સરકાર દ્વારા નિમણૂક થવા બદલ હાર્દિક અભિનંદન..

અધ્યક્ષ, પ્રમુખ, મહામંત્રી, સારસ્વત સંપાદક ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તથા સૌ હોદ્દેદારશ્રીઓ....

રવાના :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.